## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૫૬૩/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

### કામ નં.૧.:

તા.:૨૦/૧૦/૨૦૧૪ના રોજ મળેલ સમગ્ર સભાની મીનીટસ વંચાયેલી ગણી મંજુર કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિનભાઈ શાહ
ટેકો આપનાર.: શ્રી રમેશભાઈ પટેલ (ડેની )

સભ્યશ્રી શશીભાઈ શેઠીયાએ જણાવ્યુ કે, ગત બોર્ડમા કામ નં.૯ – " રાખી મેળો " જીલ્લા કક્ષાનો મેળો હોય જેનો ખર્ચ ફકત એક નગરપાલિકામા ન પડવો જોઈએ.

સભ્યશ્રી રમેશભાઈ ડેનીએ જણાવ્યુ કે,રાજય સરકારશ્રીના જાહેર કાર્યક્રમોમા નગરપાલિકાને ફાળવેલ કામો નગરપાલિકાએ કરવાના થાય છે.ઘણા બધા કામો નગરપાલિકાને વહેચી આપવામા આવતા હોય છે.

સભ્યશ્રી શશીભાઈ શેઠીયાએ જણાવ્યુ કે, વધારાના કામ નં.૧૩ને બહાલી મેળવવાનો સુધારો રજુ કરવામા આવ્યો.કામ નં.૧૭–ઓડીટ અહેવાલ અંગે સ્પષ્ટતા માંગેલ .

ચીફ ઓફીસરશ્રીએ સ્પષ્ટતા કરતા જણાવ્યુ કે, કામ નં.૧૩મા સુધારો બહાલ રાખવામા આવે છે.અને કામ નં.૧૭મા ઓડીટ પેરાઓની પુર્તતા ગ્રાહય રાખવા અંગેનો ઓડીટ અહેવાલને વંચાયેલો ગણી બહાલ રાખવામા આવે છે.

ઠરાવ.:

તા.:૨૦–૧૦–૨૦૧૪ના રોજ મળેલ સામાન્ય સભાની કાર્યનોંધ વંચાયેલી ગણી બહાલ રાખવાનુ મંજુર કરવાનુ ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૫૬૪/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

## કામ નં.૨.:

કા.સ.ઠ.નં.૨૬૦/તા.:૧૭–૧–૨૦૧૫ તથા ડ્રે.ક.ઠ.નં.૨૨/તા.:૨૭–૧૧–૨૦૧૪ની ભલામણ મુજબ રામરોટી ચોક પાસે ભોગીલાલ જનરલ સ્ટોર્સ નવુ ચેમ્બર તથા બાઈપાસ લાઈન નાંખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.:૯,૧૮,૪૨૦/–પુરા મજુર કરવા બાબત...

– દ.મુ. શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
–ટે.આ.: શ્રી ઉજેશભાઈ આઈ. પટેલ.

ઠરાવ.:–

કા.સ.ઠ.નં. –૨૬૦ / તા.:૧૭–૦૧–૨૦૧૫ તથા ડ્રે.ક.ઠ.નં.૩૨/તા.:૨૭–૧૧–૨૦૧૪ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકાના હદ વિસ્તારમાં આવેલ રામરોટી પાસે ભોગીલાલ જનરલ સ્ટોર્સ પાસેનું મેનહોલ ચેમ્બર અંદરના ભાગેથી તુટી ગયેલ હોવાથી તાત્કાલીક નવુ આર.આર.સી ચેમ્બર બનાવવાની જરૂરીયાત છે, અને બાયપાસ ડ્રેનેજ લાઈન રામરોટી ચોકના સર્કલ પાસેથી રસ્તો ક્રોસ કરી કે.કે.બેકરી પાસે આવેલ હયાત ચેમ્બરને જોડવા , ઉપરોક્ત કામે નવું મેનહોલ ચેમ્બર બનાવવાનું તથા બાયપાસ નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની કામનો આવેલ એસ્ટીમેઈટ રૂા.૯,૧૮,૪૨૦/–પુરાનો ખર્ચ મંજુર કરી, કારોબારી કમીટીની ભલામણ મુજબ મંજુરતની અપેક્ષાએ ઉપરોક્ત કામગીરી કરાવેલ જેને બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૫૬૫/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

## કામ નં.૩.:

કા.સ.ઠ.નં.૨૬૧ /તા.:૧૭–૧–૨૦૧૫ તથા ડ્રે.ક.ઠ.નં.૩૪/તા.:૨૭–૧૧–૨૦૧૪ની ભાલમણ મુજબ દોડીયા ટેકરા પંમ્પીગ સ્ટેશન ખાતે સ્ક્રીન ચેમ્બર બનાવવાનો ખર્ચ રૂા.:૧,૬૭,૯૦૦/–પુરાનું મંજુર કરવામા આવેલ.સદર કામ તા.:૨૧–૫–૨૦૧૪ના રોજ પુર્ણ થઈ ગયેલ છે.સદર કામગીરી જાહેર આરોગ્યને લગતી હોઈ,ડ્રેનેજ ચેમ્બર ઉભરાવાના કારણે રોગચાળો ફેલાવાના ભયને ધ્યાને લઈ જાહેર હીતમા ઠેકેદારશ્રી શાંતીલાલ કે.બારીયાને વર્કઓર્ડર ડ્રે.જા.નં.: ૨૨/ તા.:૨–૫–૨૦૧૪થી આપીને કામગીરી કરાવેલ છે જેની મંજુરી પાછળથી મેળવવામા આવેલ છે .સદર કામની રકમને બહાલી આપવા તથા આ કામ પેટે કોન્ટ્રાકટરશ્રીને રૂા.:૧,૩૮,૮૪૫/–પુરાનુ મંજુર કરવા બાબત...

– દ.મુ. શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
–ટે.આ.: શ્રી ઉજેશભાઈ આઈ. પટેલ.

ઠરાવ.:–

કા.સ.ઠ.નં.– ૨૬૧ / તા.:૧૭–૦૧–૨૦૧૫ તથા ડ્રે.ક.ઠ.નં.૩૪/તા.:૨૭–૧૧–૨૦૧૪ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકાના હદ વિસ્તારમાં આવેલ ડોંડીયા ટેકરા પંપીગ સ્ટેશન ખાતે સ્કીન ચેમ્બર બનાવવાનું કામ ડ્રે.ક.ઠ.નં.૫ / તા.:૦૪/૦૭/૨૦૧૪ અને કા.સ.ઠ.નં.૮૨/તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા જનરલ બોર્ડ ઠરાવ નં.૪૪૪/તા.:૩૦/૦૭/૨૦૧૪ થી રૂા.૧,૬૭,૯૦૦/–પુરાનું મંજુર કરવામાં આવેલ.સદરકામ તા.:૨૧–૦૫–૨૦૧૪નારોજ પૂર્ણ થઈ ગયેલ છે.સદર કામગીરી જાહેર આરોગ્યને લગતી હોઈ, ડ્રેનેજ ચેમ્બર ઉભરાવાના કારણે રોગચાળો ફેલાવાના ભયને ધ્યાને લઈ જાહેર હીતમાં ઠેકેદારશ્રી શાંતીલાલ કે.બારીયાને વર્કઓર્ડર ડ્રે.જા.નં.૨૨/ તા.:૦૨–૦૫–૨૦૧૪ થી આપીને કામગીરી કરાવેલ છે. જેની મંજુરી પાછળથી મેળવવામાં આવેલ છે. સદર કામની રકમને બહાલી આપવા તથા આ કામ પેટે કોન્ટ્રાકટરશ્રીએ રૂા.૧,૩૮,૮૪૫–પુરાનું રજુ કરેલ છે.જે અંગેની જરૂરી નિયમોનુસારની કાર્યવાહી કરી,મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૫૬૬/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

### કામ નં.૪.:

કા.સ.ઠ.નં.૨૬૨ /તા.:૧૭–૧–૨૦૧૫ તથા ડ્રે.ક.ઠ.નં.૩૫/તા.: ૧૭–૧૨–૨૦૧૪ની ભલામણ મુજબ શહીદચોક મટન–મચ્છી મારકેટ સામે નવા પે એન્ડ યુઝ શૌચાલયના ડ્રેનેજ કનેકશન અંગેનો અંદાજીત ખર્ચ રૂા.:૭૪,૨૫૦/–પુરા મજુર કરવા બાબત...

– દ.મુ. શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
–ટે.આ.: શ્રી ઉજેશભાઈ આઈ. પટેલ.

<u>ઠરાવ.:–</u>

કા.સ.ઠ.નં. –૨૬૨ / તા.:૧૭–૦૧–૨૦૧૫ તથા ડ્રે.ક.ઠ.નં.૩૫/તા.:૧૭–૧૨–૨૦૧૪ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકાના હદ વિસ્તારમાં આવેલ શહિદ ચોક મટન–મચ્છી માર્કેટ સામે ગુજરાત મ્યુનીસીપલ ફાયનાન્સ બોર્ડ ગાંધીનગરથી નગરપાલિકા વિસ્તાર માટે નવા પે એન્ડ યુઝ શૌચાલયની ફાળવણી તે મુજબ જ.બો.ઠ.નં.૩૦૫ / તા.:૧૪/૦૨/૨૦૧૪ થી શ્રી સાંઈ સામાજીક સંસ્થા, હીમંતનગર ને આપેલ તે મુજબ તૈયાર કરવામાં આવેલ છે. જેનું ડ્રેનેજ કનેકશન કરવાનું બાકી હોય, સદર કામ સને ૨૦૧૪–૧૫ નાં વાર્ષીક મંજુર થયેલ ભાવે કામગીરી કરવા અંગેનો અંદાજીત ખર્ચ રૂા. ૭૪,૨૫૦/– જે મંજુર કરી, કામની અગત્યતાને ઘ્યાને લઈ કામગીરી કરાવવાની મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૫૬૭/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

## કામ નં.૫.:

કા.સ.ઠ.નં.૨૬૩ /તા.:૧૭–૧–૨૦૧૫ તથા ડ્રે.ક.ઠ.નં.૩૬/તા.:૧૭–૧૨–૨૦૧૪ની ભલામણ મુજબ રાખોડીયા તળાવ થી સાંઈબાબા મંદીર સુધીના વિસ્તારમાં નવી ડ્રેનેજ લાઈન નાંખવા અંગેનો અંદાજીત ખર્ચ રૂા.: ૭૬,૮૬૦/–પુરા મજુર કરવા બાબત...

– દ.મુ. શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
–ટે.આ.: શ્રી ઉજેશભાઈ આઈ. પટેલ.

<u>ઠરાવ.:–</u>

કા. સ. ઠ. નં.૨૬૩ / તા.:૧૭–૦૧–૨૦૧૫ તથા ડ્રે.ક.ઠ.નં.૩૬/તા.:૧૭–૧૨–૨૦૧૪ ની ભલામણ મુજબ, વલસાડ શહેરમાં આવેલ રાખોડીયા તળાવ થી સાંઈબાબા મંદિર સુધીના વિસ્તારમાં પાઈપલાઈન નાંખવામાં આવેલ નથી. જેથી આ વિસ્તારમાં ગંદા તથા વપરાશી પાણીનો નિકાલ થતો ન હોવાથી ગંદકી થાયછે, જેના કારણે લોકોની વારંવાર ફરીયાદ આવે છે, આ પરિસ્થિતી દુર કરવા માટે ઉપરોકત સ્થળે નવી ડ્રેનેજ પાઈપલાઈન નાંખવાની જરૂરીયાત જણાતા કામનો આવેલ એસ્ટીમેઈટ રૂા.૭૬,૮૬૦/– પુરાનો મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૫૬૮/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

## કામ નં.૬.:

કા.સ.ઠ.નં.૨૬૪ /તા.:૧૭–૧–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ.નં.૧૦૮/તા.:૧૪–૧૧–૨૦૧૪ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ ખાતે બે રોજીંદા ઓપરેટર તથા એક મજુર કામદાર તરીકે નવા તદ્દન હંગામી ધોરણે માસીક ૧૯–દિવસ મુજબ રાખવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

– દ.મુ. શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
–ટે.આ.: શ્રી પંકજભાઈ ટી. આહીર.

ઠરાવ.:–

કા.સ.ઠ.નં.–૨૬૪ / તા.:૧૭ –૦૧–૨૦૧૫ તથાવો.વ.ક.ઠ.નં.૧૦૮/તા.:૧૪–૧૧–૨૦૧૪ ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ ખાતે કાયમી ઈલેકટ્રીક મોટર ઓપરેટર શ્રી રાજુ એચ. પટેલ તા.:૦૧/૧૦/૨૦૧૪ ના રોજથી નાદુરસ્ત તબિયતને લીધે સ્વૈચ્છીક નિવૃત્તિ લીધેલ હોય તેમની અવેજીમાં રો–વોટર,પ્યોર વોટર પ્લાન્ટની મોટરનું ઓપરેટીગ કામે તદ્રન હંગામી ધોરણે મહિનાના ૧૯ દિવસ માટે ૨(બે) રોજીંદા મોટર ઓપરેટર તથા રોજીંદા મજુર કામદાર તરીકે મહિનાના ૨૬ દિવસ ફરજ બજાવતા શ્રી કિશોર સી. પટેલનું તા.:૧૦/૦૮/૨૦૧૪ ના રોજ અવસાન થયેલ હોય, તેમની અવેજીમાં હેડ વર્કસ ખાતે લીકેજ તથા મેન્ટેનન્સના કામમાં પડતી તકલીફ પડે છે. આ અંગે કારોબારી કમીટી ભલામણ મુજબ પાણીનો સપ્લાય આપવાની આવશ્યક સેવા હેઠળની કામગીરી હોય રોજીંદા દરે ૧૯ દિવસ માટે બે (૨) ઓપરેટર અને એક(૧) મજુર લેવાનું મંજુર કરવાનું તથા નિયમોનુસાર કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૫૬૯/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

### કામ નં.૭.:

કા.સ.ઠ.નં.૨૬૫ /તા.:૧૭–૧–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ.નં.૧૧૫/તા.:૧૪–૧૧–૨૦૧૪ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ ખાતે ૬.૫ એમ.એલ.ડી.રો. વોટર પ્લાનમા ૬૦એચ.પી.ટર્બાઈન પંમ્પ બેસાડવાના કામે નવી ૮"ઠાયાની આઈ.બીમ.ની ચેનલ ૧૨–મીટર લાંબી બનાવવાના કામનું આવેલ અંદાજીત ખર્ચ રૂા.:૪૦,૦૦૦/–પુરા મજુર કરવા બાબત..

– દ.મુ. શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
–ટે.આ.: શ્રી પંકજભાઈ ટી. આહીર.

<u>ઠરાવ.:–</u>

કા.સ.ઠ.નં.–૨૬૫ / તા.:૧૭ –૦૧–૨૦૧૫ તથાવો.વ.ક.ઠ.નં.૧૧૫/તા.:૧૪–૧૧–૨૦૧૪ ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ ખાતે ૬.૫ એમ.એલ.ડી. રો વોટર પ્લાનમાં ૬૦ એચ.પી.ટર્બાઈન પંપ બેસાડવાના કામે નવી ૮" ડાયાની આઈ.બીમ. ની ચેનલ ૧૨ મીટર લાંબી બનાવવાના કામે સ્થાનીક એજન્સી નીલકંઠ એન્જીનીયરીંગ, વશીયરવાળાને સ્થળ પર રૂબરૂ બોલાવતા તેમણે સદર ૬.૫ એમ.એલ.ડી. રો વોટર પ્લાનમાં ૬૦ એચ.પી.ટર્બાઈન પંપ બેસાડવાના કામે નવી ૮" ડાયાની આઈ.બીમ.ની ચેનલ ૧૨ મીટર લાંબી બનાવવાના અંદાજીત ખર્ચ રૂા.૪૦,૦૦૦/– થાય છે એમ જણાવેલ હોય, સદર કામગીરી કરાવવી અતિ આવશ્યક હોય, ચર્ચા–વિચારણાને અંતે નિયમોનુસાર કાર્યવાહી કરી લેવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

---

## કામ નં.૮.:

કા.સ.ઠ.નં.૨૬૬ /તા.:૧૭–૧–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ.નં.૧૧૬/તા.:૧૪–૧૧–૨૦૧૪ની ભલામણ મુજબ વારીગૃહ શહેર ખાતે રોજીંદા વાલ્વમેન ફરજ પર અનિયમીત અને વધુ પડતા ગેરહાજર રહેતા આવેલ તેઓને છુટા કરી તેમની જગ્યાએ બે –વાલ્વમેન તથા એક–ઈલેકટ્રીક મોટર ઓપરેટર નવા લેવા બાબતે જરૂરી નિર્ણય થવા બાબત..

– દ.મુ. શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
–ટે.આ.: શ્રી પંકજભાઈ ટી. આહીર.

<u>ઠરાવ.:–</u>

કા.સ.ઠ.નં.–૨૬૬ /તા.: ૧૭–૦૧–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ.નં.૧૧૬/તા.:૧૪–૧૧–૨૦૧૪ ની ભલામણ મુજબ વારીગૃહ શહેર ખાતે રોજીંદા વાલ્વમેન તરીકે ફરજ બજાવતાં શ્રી અરવીંદ બચુભાઈ રાઠોડ અને શ્રી નિતેશ રમણભાઈ પટેલ જેઓ છેલ્લા ધણા સમયથી તેઓની વારંવાર મૌખીક સુચના આપવા છતાં ફરજ પર અનિયમીત અને રહેતા આવેલ છે. જેથી વાલ્વમેનોનું શિડયુલ્ડ ખોરવાઈ જતુ હોય, વારીગૃહ શહેર ખાતે વાલ્વ ઓપરેટ કરવાની કામગીરી માટે વધારાનો ૧(એક) વાલ્વમેન તદ્દન હંગામી ધોરણે મહિનાના ૧૯ દિવસ માટે, તથા કલ્યાણ બાગ ટાંકી ખાતે આવેલ બે પંપ હાઉસ અને શહેરમાં આવેલ પાંચ બુસ્ટર પંપના મેન્ટેનન્સ કામે જુના ૧(એક) ઓપરેટરને રાખેલ હોય એક ઓપરેટરની ઘટ પડતી હોય પંપ હાઉસ અને શહેરમાં આવેલ પાંચ બુસ્ટર પંપના ઓપરેટ કરવાના કામે તદ્દન હંગામી ધોરણે મહિનાના ૧૯ દિવસ માટે ૧(એક) ઈલેકટ્રીક મોટર ઓપરેટર અને એક (૧) વાલ્વમેન નવા લેવાની જરૂર હોય, આ અંગે કારોબારી કમીટી ભલામણ મુજબ પાણીનો સપ્લાય આપવાની આવશ્યક સેવા હેઠળની કામગીરી હોય રોજીંદા દરે ૧૯ દિવસ માટે એક ઓપરેટર અને બે વાલ્વમેન લેવા નિયમોનુસાર કાર્યવાહી કરી લેવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૫૭૧/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

## કામ નં.૯.:

કા.સ.ઠ.નં.૨૬૭ /તા.:૧૭–૧–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ.નં.૧૧૯/તા.:૧૪–૧૧–૨૦૧૪ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ ખાતે આવેલ જુના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના રો.વોટર પમ્પ હાઉસની ૧૦૦એચ.પી.મોટર પમ્પ સેટ નંગ–૨–ના પમ્પના સ્પેર પાર્ટસ ઈમ્પીલર ફોસ્ફરસ બોન્ઝ બુશ નંગ–૨ તથા એમ.એસ.સ્લીવ ૨"ડાયા × ૪" લંબાઈ નંગ–૪–મશીનીંગ ડ્રીલીગ તેમજ થ્રેડીગ કરવા બાબતના આવેલ ભાવ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

– દ.મુ. શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
–ટે.આ.: શ્રી પંકજભાઈ ટી. આહીર.

ઠરાવ.:–

કા.સ.ઠ.નં.૨૬૭ /તા.:૧૭–૧–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ.નં.૧૧૯/તા.:૧૪–૧૧–૨૦૧૪ ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ ખાતે આવેલ જુના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના રો–વોટર પંપ હાઉસની ૧૦૦ એચ.પી. મોટર પંપ સેટ નં.–૨ ના પંપમાં ચાલુ હાલતે એકાએક મેકેનીકલ ફોલ્ટ આવતા, મોટર પંપ બંધ કરવામાં આવેલ. સદર મોટરનાં ટર્બાઈન પંપને રીપેર કરવા માટે ખોલવામાં આવતા પંપના સ્પેરપાર્ટસ ઈમ્પીલર ફોસ્ફરસ બ્રોન્ઝ બુશ નંગ–૨, ૬"લંબાઈ × ૮૦ એમ.એમ.સાફ્ટ નવા બનાવવા તથા એમ.એસ.સ્લીવ ૨"ડાયા × ૪" લંબાઈ નંગ–૪ મશીનીંગ ડ્રીલીગ તેમજ થ્રેડીગ કરવાના હોઈ. જે અંગે જરૂરી સ્પેરપાર્ટ નવા બનાવવા તથા એમ.એસ.સ્લીવ ૨" ડાયા × ૪" લંબાઈ નંગ–૪ મશીનીંગ ડ્રીલીગ તેમજ થ્રેડીગ કરવાના સ્થાનીક બજારમાંથી સદર સામાન અંગેના આવેલ ભાવો ખુલ્લા કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

| અ.નં. | વિગત. | નીલકંઠ એન્જીનીયરીંગ. વશીયર. | એટલાસ એન્જીનીયરીંગ. વશીયર. | શ્રી બાલાજી એન્જીનીયરીંગ વલસાડ. |
|---|---|---|---|---|
| ૧ | ફોસ્ફરસ બ્રોન્ઝ બુશ નંગ–૨–૬" લંબાઈ × ૮૦ એમ.એમ. | રૂા.૧૯૦૦૦/– | રૂા.૨૪૦૦૦/– | રૂા.૨૧૪૦૦/– |
| ૧ | એમ.એસ.સ્લીવ ૨" ડાયા × ૪" લંબાઈ નંગ–૪મશીનીગ,ડ્રીલીગ તેમજ થ્રેડીગ સાથે | રૂા.૫૬૦૦/– | રૂા.૬૪૦૦/– | રૂા.૭૦૦૦/– |

ઉપરોકત ખુલ્લા કરવામાં આવેલ તુલનાત્મક પત્રક જોતાં, એકંદરે નીલકંઠ એન્જીનીયરીંગ, વશીયરના ભાવ અનુક્રમે રૂા.૧૯૦૦૦/– અને રૂા.૫૬૦૦/– મળી કુલ ખર્ચ રૂા.૨૪૬૦૦/– સૌથી ઓછા આવેલ છે. કારોબારી કમીટી ભલામણ મુજબ, જે સૌથી ઓછા આવેલ ભાવો મંજુર કરી, મંજુર થયેલ ભાવે નિયમોનુસાર કામગીરી કરાવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૫૭૨/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

### કામ નં.૧૦.:

કા.સ.ઠ.નં.૨૬૮ /તા.:૧૭–૧–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ.નં.૧૨૧/તા.:૧૪–૧૧–૨૦૧૪ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ ખાતે આવેલ જુના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના રો.વોટર પમ્પ હાઉસની ૧૦૦એચ.પી.મોટર પમ્પ સેટ નંગ–૨ ના પમ્પમાના સ્પેર પાર્ટસ એસ.એસ.સાફટ ૪" લંબાઈ × ૫૦ એમ.એમ.નંગ–૧ તથા નંગ–૪ એમ.એમ.સાફટને એલાઈમેન્ટ કરવા બાબતના આવેલ ભાવ મંજુર કરવા બાબત...

– દ.મુ. શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
–ટે.આ.: શ્રી પંકજભાઈ ટી. આહીર.

ઠરાવ.:–

કા.સ.ઠ.નં.૨૬૮ /તા.:૧૭–૧–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ.નં.૧૨૧/તા.:૧૪–૧૧–૨૦૧૪ ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ ખાતે આવેલ જુના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના રો–વોટર પંપ હાઉસની ૧૦૦ એચ.પી. મોટર પંપ સેટ નં.–૨ ના પંપમાં ચાલુ હાલતે એકાએક મેકેનીકલ ફોલ્ટ આવતા, મોટર પંપ બંધ કરવામાં આવેલ. સદર મોટરનાં ટર્બાઈન પંપને રીપેર કરવા માટે ખોલવામાં આવતા પંપના સ્પેરપાર્ટસ એસ.એસ.સાફટ ૪" લંબાઈ × ૫૦ એમ.એમ.નંગ–૧ તથા નંગ–૪ એમ.એસ.સાફટને એલાઈમેન્ટ કરવાના હોઈ જે અંગે જરૂરી સ્પેરપાર્ટ એસ.એસ.સાફટ ૪" લંબાઈ × ૫૦ એમ.એમ. નંગ–૧ તથા નંગ–૪ એમ.એસ.સાફટને એલાઈમેન્ટ કરવાના સ્થાનીક બજારમાંથી સદર સામાન અંગેના આવેલ ભાવો ખુલ્લા કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

| અ. નં. | વિગત. | નીલકંઠ એન્જીનીયરીંગ. વશીયર. | એટલાસ એન્જીનીયરીંગ. વશીયર. | શ્રી બાલાજી એન્જીનીયરીંગ વલસાડ. |
|---|---|---|---|---|
| ૧ | એસ.એસ.સાફટ ૪ ફુટ લંબાઈ × ૫૦ એમ.એમ. નંગ–૧ | રૂા.૨૧૫૦૦/– | રૂા.૨૪૨૦૦/– | રૂા.૨૩૦૦૦/– |
| ૧ | એમ.એસ.સાફટ એલાઈમેન્ટ નંગ–૪ | રૂા.૪૦૦૦/– | રૂા.૬૪૦૦/– | રૂા.૬૦૦૦/– |

ઉપરોકત ખુલ્લા કરવામાં આવેલ તુલનાત્મક પત્રક જોતાં, એકંદરે નીલકંઠ એન્જીનીયરીંગ, વશીયરના ભાવ અનુક્રમે રૂા.૨૧૫૦૦/– અને રૂા.૪૦૦૦/– મળી કુલ ખર્ચ રૂા.૨૫૫૦૦/– સૌથી ઓછા આવેલ છે.કારોબારી સમીતી ભલામણ મુજબ, જે સૌથી ઓછા આવેલ ભાવો મંજુર કરી, મંજુર થયેલ ભાવે નિયમોનુસાર કામગીરી કરાવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૫૭૩/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

### કામ નં.૧૧.:

કા.સ.ઠ.નં.૨૬૯ /તા.:૧૭–૧–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ.ન.૧૨૨/તા.:૧૪–૧૧–૨૦૧૪ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ ખાતે આવેલ જુના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના રો.વોટર પમ્પ હાઉસની ૧૦૦એચ.પી.મોટર પમ્પ સેટ નંગ–૨ ના પમ્પમાના સ્પેર પાર્ટસ ઈમ્પીલર ફોસ્ફરસ બોન્ઝના બુશ ૩" લંબાઈ × ૫૦ એમ.એમ.સાફટ નંગ–૨ તથા એમ.એમ.સ્લીવ ૨" ડાયા × ૮" લંબાઈ નંગ–૪ નવા બનાવવા બાબતના આવેલ ભાવ મંજુર કરવા બાબત...

– દ.મુ. શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
–ટે.આ.: શ્રી પંકજભાઈ ટી. આહીર.

ઠરાવ.:–

કા.સ.ઠ.નં.૨૬૯ /તા.:૧૭–૧–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ.નં.૧૨૨/તા.:૧૪–૧૧–૨૦૧૪ ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ ખાતે આવેલ જુના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના રો–વોટર પંપ હાઉસની ૧૦૦ એચ.પી. મોટર પંપ સેટ નં.–૨ ના પંપમાં ચાલુ હાલતે એકાએક મેકેનીકલ ફોલ્ટ આવતા, મોટર પંપ બંધ કરવામાં આવેલ. સદર મોટરનાં ટર્બાઈન પંપને રીપેર કરવા માટે ખોલવામાં આવતા પંપના સ્પેરપાર્ટસ ઈમ્પીલર ફોસ્ફરસ બ્રોન્ઝના બુશ ૩" લંબાઈ × ૫૦ એમ.એમ. સાફટ નંગ–૨ તથા એમ.એસ. સ્લીવ ૨" ડાયા × ૮" લંબાઈ નંગ–૪ નવા બનાવવા હોઈ, જે અંગે જરૂરી સ્પેરપાર્ટ ફોસ્ફરસ બ્રોન્જના બુશ ૩" લંબાઈ × ૫૦ એમ.એમ.સાફટ નંગ–૨ તથા એમ.એસ. સ્લીવ ૨" ડાયા × ૮" લંબાઈ નંગ–૪ નવા બનાવવા માટે સ્થાનીક બજારમાંથી સદર સામાન અંગેના આવેલ ભાવો ખુલ્લા કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

| અ. નં. | વિગત. | નીલકંઠ એન્જીનીયરીંગ. વશીયર. | એટલાસ એન્જીનીયરીંગ. વશીયર. | શ્રી બાલાજી એન્જીનીયરીંગ વલસાડ. |
|---|---|---|---|---|
| ૧ | ફોસ્ફરસ બ્રોન્ઝ બુશ ૩" લંબાઈ × ૫૦ એમ.એમ. નંગ–૨ | <u>રૂા.૧૨૦૦૦/–</u> | રૂા.૧૬૦૦૦/– | રૂા.૧૫૦૦૦/– |
| ૧ | એમ.એસ.સ્લીવ ૨"ડાયા ×૮"લંબાઈ નવા બનાવવાના નંગ–૪ | <u>રૂા.૧૪૦૦૦/–</u> | રૂા.૧૬૮૦૦/– | રૂા.૧૮૦૦૦/– |

ઉપરોકત ખુલ્લા કરવામાં આવેલ તુલનાત્મક પત્રક જોતાં, એકંદરે નીલકંઠ એન્જીનીયરીંગ, વશીયરના ભાવ અનુક્રમે રૂા.૧૨૦૦૦/– અને રૂા.૧૪૦૦૦/– મળી કુલ ખર્ચ રૂા.૨૬૦૦૦/– સૌથી ઓછા આવેલ છે. કારોબારી સમીતી ભલામણ મુજબ જે સૌથી ઓછા આવેલ ભાવો મંજુર કરી, મંજુર થયેલ ભાવે નિયમોનુસાર કામગીરી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૫૭૪/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

### કામ નં.૧૨.:

કા.સ.ઠ.નં.૨૭૦/તા.:૧૭–૧–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ.ન.૧૨૩/તા.:૧૪–૧૧–૨૦૧૪ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ ખાતે આવેલ જુના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના રો.વોટર પમ્પ હાઉસની ૧૦૦એચ.પી.મોટર પમ્પ સેટ નંગ–૨ ના પમ્પમાના સ્પેર પાર્ટસ ઈમ્પીલર ફોસ્ફરસ બોન્ઝના લમ્પીલર નંગ–એક જોબવર્ક બાબતના આવેલ ભાવ મંજુર કરવા બાબત...

– દ.મુ. શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
–ટે.આ.: શ્રી પંકજભાઈ ટી. આહીર.

ઠરાવ.:–

કા.સ.ઠ.નં.૨૭૦ /તા.:૧૭–૧–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ.નં.૧૨૩/તા.:૧૪–૧૧–૨૦૧૪ ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ ખાતે આવેલ જુના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના રો–વોટર પંપ હાઉસની ૧૦૦ એચ.પી. મોટર પંપ સેટ નં.–૨ ના પંપમાં ચાલુ હાલતે એકાએક મેકેનીકલ ફોલ્ટ આવતા, મોટર પંપ બંધ કરવામાં આવેલ. સદર મોટરનાં ટર્બાઈન પંપને રીપેર કરવા માટે ખોલવામાં આવતા પંપના સ્પેરપાર્ટસ ઈમ્પીલર ફોસ્ફરસ બ્રોન્ઝના બુશ બ્રાસનું ઈમ્પીલર નવુ કાસ્ટીંગ કરી મશીનીંગ કી વે તથા બેલેન્સીગ તેમજ કાસ્ટ આર્યન હાઉસીંગ રીપેરીંગ કરી તૈયાર કરવાના માટે સ્થાનીક બજારમાંથી સદર કામગીરી કરવાના અંગેના આવેલ ભાવો ખુલ્લા કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

| અ. નં. | વિગત. | નીલકંઠ એન્જીનીયરીંગ. વશીયર. | એટલાસ એન્જીનીયરીંગ. વશીયર. | શ્રી બાલાજી એન્જીનીયરીંગ વલસાડ. |
|---|---|---|---|---|
| ૧ | બ્રાસનું ઈમ્પીલર નવું કાસ્ટીંગ કરી મશીનીંગ કી વે તથા બેલેન્સીગ તેમજ કાસ્ટ આર્યન હાઉસીંગ રીપેરીંગ કરી તૈયાર કરવાના જોબ વર્કના. | રૂા.૯૦૦૦૦/– | રૂા.૯૮૦૦૦/– | રૂા.૯૬૦૦૦/– |

ઉપરોકત ખુલ્લા કરવામાં આવેલ તુલનાત્મક પત્રક જોતાં, એકંદરે નીલકંઠ એન્જીનીયરીંગ, વશીયરના ભાવ રૂા.૯૦૦૦૦/– સૌથી ઓછા આવેલ છે. જે સૌથી ઓછા આવેલ ભાવો મંજુર કરી, કારોબારી સમીતી ભલામણ મુજબ મંજુર થયેલ ભાવે કામગીરી કરાવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

## કામ નં.૧૩.:

કા.સ.ઠ.નં.૨૭૧ /તા.:૧૭–૧–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ.નં.૧૪૦/તા.:૯–૧૨–૨૦૧૪ની ભલામણ મુજબ વારીગૃહ શાખા ધ્વારા અબ્રામા વિસ્તારમા પીવાના પાણીની પાઈપ લાઈન નાંખવા અંગેના ડી.આઈ.પાઈપોનું ટ્રકમાંથી ક્રેઈન મારફતે અનલોડીગ કરવા બાબતની કામગીરીનુ આવેલ બીલ રૂા.: ૨૬,૨૧૦/–પુરાનું મંજુર કરવા બાબત..

– દ.મુ. શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
–ટે.આ.: શ્રી પંકજભાઈ ટી. આહીર.

સભ્યશ્રી શશીભાઈ શેઠીયાએ રજુઆત કરી કે ,કંપની / એજન્સીના માલીકે પોતે માલની ડીલીવરી પુરી પાડવાની થાય છે.
પ્રમુખશ્રીએ જણાવ્યુ કે,ચકાસણી કરી યોગ્ય કાર્યવાહી કરીશુ.

ઠરાવ.:–

કા.સ.ઠ.નં.૨૭૧ /તા.:૧૭–૧–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ.નં.૧૪૦/તા.:૦૯–૧૨–૨૦૧૪ ની ભલામણ મુજબ, વારીગૃહ શાખા ધ્વારા, અબ્રામા વિસ્તારમાં પીવાના પાણીની પાઈપ લાઈન નાંખવા અંગે ૧૨ માં નાણાંપંચની યોજના હેઠળ ડી.આઈ.પાઈપો જીન્દાલ સો લી. પાસેથી જરૂરીયાત મુજબના પાઈપો ખરીદ કરેલ સદર પાઈપો કંપનીમાંથી ટ્રકોમાં આવેલ હોય, જે પાઈપોનું અનલોડીગ નગરપાલિકાએ કરાવવાનું હોવાથી સદર કામ ક્રેઈન ધ્વારા કરાવવાની થાય છે. સદર કામગીરી અંગે વો.વ.ક.ઠ.નં.૨૦૪ તા.:૧૬/૦૯/૨૦૧૪ થી એક મેટ્રીક ટન અનલોડીગ કરવા અંગેનો ભાવ રૂા. ૧૫૦/– વિશ્વા ક્રેઈન, અબ્રામાનો મંજુર થયેલ છે.

ઉપરોકત પાઈપો અનુક્રમે તા.:૧૧,૧૨,૧૩,૧૫,૨૮ તથા ૨૯/૦૯/૨૦૧૪ ના રોજ કંપનીમાંથી પાઈપો ટ્રક મારફતે આવેલ, જેનું અનલોડીગ કરવા ક્રેઈનવાળાને જણાવતા તેમના જણાવ્યા મુજબ જે ભાવ મંજુર થયેલ છે. તે ભાવ વર્ષ–૨૦૦૯ નો મંજુર થયેલ હોય ત્યાર પછી ડીઝલના ભાવમાં તથા કામદારોના પગારમાં તથા મરામત ખર્ચમાં ખૂબજ વધારો થયેલ હોવાથી જુના ભાવ તેમને પરવડે તેમ ન હોવાનું જણાવેલ, અને તેઓએ એક મેટ્રીક ટન અનલોડીગ કરવા અંગેના ભાવ રૂા.૧૭૦/– લેખે કામગીરી કરવાનું જણાવેલ.સદર કામગીરી અચાનક અને તાત્કાલીક કરવાની હોય, જેથી જેની જાણ અગાઉથી ન હોય જેથી સદર કામનો વર્કઓડર્ર તથા નવા ભાવો મંજુર કરાવી શકેલ નથી, અને નવા ભાવે તેમના પાસેથી ઉપરોકત તારીખે કામગીરી કરાવેલ છે. જે અંગે થયેલ કામગીરીને બહાલી આપી થયેલ કામગીરીનું આવેલ બીલ રૂા. ૨૬,૨૧૦–૬૦ નું ચુકવણું કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૫૭૬/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

### કામ નં.૧૪.:

કા.સ.ઠ.નં.૨૭૨ /તા.:૧૭–૧–૨૦૧૫ની ભલામણ મુજબ ગુજરાત માહીતી આયોગ, ગાંધીનગર તેમજ નગરપાલિકા નિયામકશ્રી,ગાંધીનગર અને નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ખાતે નગરપાલિકાના કામે ઈજનેરશ્રી તેમજ કોર્ટ કલાર્ક ધ્વારા હિરલ ટ્રાવેલ્સ, વલસાડની ભાડેથી ગાડી લઈને કામગીરી માટે ગયેલ જે અંગેના આવેલ બીલ રૂા.:૮૫૦૦/ + રૂા.:૮૫૦૦/ + રૂા.:૧૧,૫૦૦/–મળી કુલ રૂા.:૨૮,૫૦૦/–પુરાનું મંજુર કરવા બાબત..

– દ.મુ. શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
–ટે.આ.: શ્રી આશીષભાઈ દેસાઈ

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ગુજરાત માહીતી આયોગ, ગાંધીનગર તેમજ નગરપાલિકા નિયામકશ્રી , ગાંધીનગર અને નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ખાતે નગરપાલિકાનાં કામે નગરપાલિકાનાં ઈજનેરશ્રી તેમજ કોર્ટ કલાર્ક જેતે પ્રકારનાં કામો માટે અમદાવાદ તેમજ ગાંધીનગર ખાતે ભાડેથી ગાડી લઈને કામગીરી કરવામાં આવેલ છે. જેથી વલસાડનાં સ્થાનિક હિરલ ટ્રાવેર્લ્સ,વલસાડની ગાડી ભાડેથી કરેલ છે.જે અંગેના હિરલ ટ્રાવેર્લ્સ,વલસાડના આવેલ બીલ રૂા.૮૫૦૦+ રૂા.૮૫૦૦ +૧૧૫૦૦ મળી કુલ્લે રૂા.૨૮,૫૦૦/– પુરાનું ચુકવણું કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૫૭૭/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

### કામ નં.૧૫.:

કા.સ.ઠ.નં.૨૮૧/તા.:૧૭–૧–૨૦૧૫ તથા કા.સ.ઠ.નં.૭૫/તા.: ૧૯–૭–૨૦૧૪થી ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકા ના મરણ પામેલ કર્મચારી શ્રી રાજુભાઈ નગીનભાઈ વાલોદરાને પેન્શન ચુકવવા માટે ૧ થી ૪ મુદ્દાઅ ોની પુર્તતા કરી આગામી કમીટીમા રજુ કરવાનુ ઠરાવેલ તે મુજબ એકા.શ્રી ધ્વારા પુર્તતા કરી ,તેમના રીપોર્ટમાં જણાવ્યા મુજબ મરણ પામેલ કર્મચારીના વારસદારોને પેન્શન ચુકવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

– દ.મુ. શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
–ટે.આ.: શ્રીધર્મેશભાઈ ડાંગ

<u>ઠરાવ.:–</u>

કા.સ.ઠ.નં.૨૮૧/તા.:૧૭–૧–૨૦૧૫ તથા કા.સ.ઠ.નં.૭૫/તા.:૧૯–૭–૨૦૧૪થી ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખામાં કાયમી કર્મચારી તરીકે ફરજ બજાવતા કર્મચારી શ્રી રાજુભાઈ નગીનભાઈ વાલોદરા તા.:૦૫–૦૧–૧૯૮૭ ના દિને મરણ પામેલ હતા. તેઓના નોમીનેશન મુજબ પત્ની રમીલાબેન રાજુભાઈ વાલોદરાએ પેન્શનની માંગણી કરેલ છે. તેમજ કારોબારી સમિતિ ઠરાવ નં.૭૫ / તા.:૧૯–૦૭–૨૦૧૪ થી ઠરાવ્યા મુજબ આ ચુકવણું કરતા પહેલા ચાર મુદ્દાઓની પૂર્તતા માંગેલ હતી જેમાં (૧) અરજદારશ્રી પાસેથી ડેકલેરેશન લખાવવું (૨) એકાઉન્ટન્ટશ્રી પાસેથી ચુકવવા પાત્ર ગણતરી દર્શાવતુ પત્રક (૩) એલ.એફ.નો અભિપ્રાય નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃવહી / ૧૧૮૭ / જી.ઓ.આઈ. /૪૧ / ૩/પી–૧/ તા.:૩૧/૦૭/૧૯૮૭ મુજબ ચુકવવા અંગે મૌખિક જણાવવામાં આવેલ છે.(૪) ઓડીટ પ્રશ્ન ઉપસ્થિત થાય અને રીકવરી આવે તો વારસદારોએ ભરપાઈ કરવી.વિગેરે એકાઉન્ટન્ટશ્રીના રીપોર્ટ, હકીકતો ધ્યાને લઈ, ઉપરોકત કર્મચારીના વારસદાર પત્ની ગં.સ્વ.રમીલાબેન રાજુભાઈ વાલોદરાને પેન્શન ચુકવવા અંગેની નિયમોનુસાર કાર્યવાહી કરી, પેન્શન ચુકવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૫૭૮/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

### કામ નં.૧૬.:

કા.સ.ઠ.નં.૨૮૪ /તા.:૧૭–૧–૨૦૧૫ની ભલામણ મુજબ અઠ્ઠામા ઝોન વિસ્તારમા આવેલ દંડગીયા વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે આર.સી.સી.પાઈપ ૧૪૦૦એમ.એમ.લાઈન નાંખવાની હોય,સદર વિસ્તારમાં દક્ષિણ ગુજરાત વીજ કંપનીનો વીજ પોલ અડચણરૂપ હોય જે અન્ય જગ્યાએ શીફટીંગ કરાવેલ જે અંગેનુ આવેલ બીલ રૂા.: ૩૯,૦૬૫/– પુરાનું મંજુર કરવા બાબત..

– દ.મુ. શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
–ટે.આ.: શ્રી રમેશભાઈ પટેલ (ડેની )

<u>ઠરાવ.:–</u>

કા.સ.ઠ.નં.૨૮૪ /તા.:૧૭–૧–૨૦૧૫ની ભલામણ મુજબ અઠ્ઠામા ઝોન વિસ્તારમાં આવેલ દંડગીયા વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે આર.સી.સી. પાઈપ ૧૪૦૦ એમ.એમ. લાઈન નાંખવાની હોય,સદર વિસ્તારમાં ગુજ.વીજ.કંપનીનો વીજપોલ અડચણરૂપ થતો હોય જે વીજપોલ અન્ય જગ્યાએ શીફટીંગ કરાવેલ જે અંગેનું આવેલ બીલ રૂા.૩૯,૦૬૫/– પુરા માટે નિયમોનુસાર કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૫૭૯/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

### કામ નં.૧૭.:

કા.સ.ઠ.નં. ૨૭૮ / તા.: ૧૭–૧–૨૦૧૫ની ભલામણ મુજબ ઉમંર ફળીયા સુન્નત જમાઅત – વલસાડ. (૨) વલસાડ મુસ્લીમ ધાંચી એકત્ર સુન્નત જમાઅત – વલસાડની આવેલ અરજીઓ અન્વયે લઘુમતી કબસ્તાનને ફાળો આપવા બાબતે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
ટેકો આપનાર.: શ્રી મહેબુબ ગુલશેરખાન પઠાણ.

<u>ઠરાવ.:–</u>

કા.સ.ઠ.નં. ૨૭૮ / તા.: ૧૭–૧–૨૦૧૫ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા–વલસાડ ધ્વારા દર વર્ષે હિન્દુ સ્મશાન ભૂમી તથા લઘુમતી કબ્રસ્તાનને ફાળો આપવામાં આવે છે. તે મુજબ વલસાડ નગરપાલિકાએ તેના સને ૨૦૧૪–૧૫ ના વર્ષનાં બજેટમાં કરેલ જોગવાઈ મુજબ હિન્દુ સ્મશાન ભુમી તથા કબ્રસ્તાનને ફાળો રૂા. ૮,૦૦,૦૦૦/– આપવાનું નકકી કરવામાં આવેલ છે. જેને જનરલ બોર્ડ ઠરાવ નં.૩૫૭ / તા.:૨૪/૦૨/૨૦૧૪ થી મંજુર કરવામાં આવેલ છે. જે પૈકી હિન્દુ સ્મશાન ભુમી વલસાડને વાઉચર નંબર.:૪૪૪ તા.:૧૧/૦૬/૨૦૧૪ થી રૂા.૬,૦૦,૦૦૦/– ચુકવણું કરવામાં આવેલ છે. અને લઘુમતી કબ્રસ્તાન પૈકી (૧) ઉમર ફળીયા સુન્નત જમાઅત–વલસાડ (૨) વલસાડ મુસ્લીમ ધાંચી એકત્ર સુન્નત જમાઅત– વલસાડની અરજીઓ આવેલ છે. સદરહું આવેલ અરજી અન્વયે કમીટીમાં ચર્ચાવિચારણાને અંતે ઉપરોકત બંને લઘુમતી કબ્રસ્તાનને રૂા.૧૫૦૦૦ + રૂા.૧૫૦૦૦/– મળી કુલ રૂા.૩૦,૦૦૦/–નો ફાળો આપવા અંગેની જરૂરી કાર્યવાહી કરી મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૫૮૦/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

### કામ નં.૧૮.:

કા.સ.ઠ.નં.૨૮૯/તા.:૧૭–૧–૨૦૧૫ ની ભલામણ મુજબ લુહાર ટેકરા અને ગીતાસદન રોડ ઉપરના રસ્તાઓ ખુબજ ખરાબ થઈ જવાથી સદર રસ્તા ઉપર ડબલ્યુ.બી.એમ.તેમજ બી.એસ.જી.કામગીરી કરાવવા માટેનો આવેલ એસ્ટીમેઈટની રકમ રૂા.: ૪,૮૩,૭૦૦/–પુરાનુ મંજુર કરવા બાબત...

દરખાસ્ત મુકનાર.:શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
ટેકો આપનાર.:શ્રીઅમરતભાઈ પટેલ.

ઠરાવ.:–

કા.સ.ઠ.નં.૨૮૯/તા.:૧૭–૧–૨૦૧૫ ની ભલામણ મુજબ લુહાર ટેકરા અને ગીતાસદન રોડ ઉપર ડ્રેનેજનુંપાણી ખૂબજ પ્રમાણમાં વહેતું હોય સદર રસ્તાઓ ખુબજ ખરાબ હાલત થઈ જવાથી સદર રસ્તો નવીનીકરણ કરવાની જરૂરીયાત હોવાથી સદર રસ્તા ઉપર W.B.M. તેમજ B.S.G. કરવું અત્યંત અને જરૂરી હોવાથી સદર કામગીરી કરવા માટેનો આવેલ એસ્ટીમેઈટની રકમ રૂા.૪,૮૩,૭૦૦/– પુરાનો આવેલ છે. સદર કામગીરી કરવાની જરૂરીયાત હોવાથી સદર આવેલ એસ્ટીમેઈટ મંજુર કરી, કામગીરી કરાવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

---

## કામ નં.૧૯.:

કા.સ.ઠ.નં.૨૯૦/તા.:૧૭–૧–૨૦૧૫ ની ભલામણ મુજબ યુડીપી–૫૬ હેઠળ ડી.એમ.ડી.જી.મ્યુનિ.હાઈ.ની પાછળના ભાગે સ્પોર્ટસ કોમ્પલેક્ષનું બાંધકામ કરવાનુ આયોજન કરવામા આવેલ છે.સદરહુ જગ્યાની જમીનનુ સોઈલ ટેસ્ટીંગ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થતા સદર કામના જાણકાર એવા ભુમી રીસર્ચ સેન્ટર, સુરત પાસેથી સદર કામગીરી કરાવેલ જેનો આવેલ ખર્ચનુ બીલ રૂા.: ૩૮,૨૦૩– પુરાનુ મંજુર કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
ટેકો આપનાર.:શ્રી આશીષભાઈ દેસાઈ.

<u>ઠરાવ.:–</u>

કા.સ.ઠ.નં.૨૯૦/તા.:૧૭–૧–૨૦૧૫ ની ભલામણ મુજબ યુડીપી–૫૬ હેઠળ ડી.એમ.ડી.જી.મ્યુનિસીપલ હાઈસ્કુલની પાછળનાં ભાગે સ્પોર્ટસ કોમ્પલેક્ષનું બાંધકામ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. સદરહું જગ્યાની જમીનનું સોઈલ ટેસ્ટીંગ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે જેથી સદર કામનાં જાણકાર એવાં ભુમી રીસર્ચ સેન્ટર,સુરત પાસેથી સદર કામગીરી કરાવેલ છે. સદર કામગીરી તાત્કાલીક કરવાની જરૂરીયાત હોવાથી વર્કઓર્ડર આપેલ નથી અને કામગીરી કરાવેલ છે. સદર કરાવેલ કામગીરીને બહાલ રાખી તેમજ તેઓ તરફથી આવેલ બીલ રૂા. ૩૮,૨૦૩/– પુરાનું ચુકવણું કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

## કામ નં.૨૦.:

કા.સ.ઠ.નં.૨૯૧/તા.:૧૭–૧–૨૦૧૫ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમા આવેલ મુખ્ય માર્ગો તેમજ આંતરીક માર્ગો ઉપર પીળા પટ્ટા તેમજ સફેદ પટ્ટાઓ પેઈન્ટીંગ કરાવવાની કામગીરી અંગેનુ આવેલ એસ્ટીમેઈટ રકમ રૂા.: ૪,૨૬,૭૦૦/–પુરાનુ મંજુર કરવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
ટેકો આપનાર.:શ્રી આશીષભાઈ દેસાઈ.

ઠરાવ.:–

કા.સ.ઠ.નં.૨૯૧/તા.:૧૭–૧–૨૦૧૫ ની ભલામણ મુજબ તા.:૧૪–૧૧–૧૪ નાં રોજ લોકદરબારમાં શહેરીજનો ધ્વારા થયેલ રજુઆત અન્વયે, લોકદરબારમાં નકકી કરવામાં આવ્યા મુજબ શહેરનાં મુખ્ય માર્ગો તેમજ આંતરીક રસ્તાઓ પર શહેરની ટ્રાફીકની સમસ્યાના હલ રૂપે હોટ એપ્લાઈડ સીસ્ટમથી થર્મો પ્લાસ્ટ પટ્ટા ( રોડ માર્કીંગ ) ઓને પેઈન્ટીંગ કરવાની જરૂરીયાત હોવાથી સદરહું કામગીરી કરાવવા માટે માર્ગ અને મકાન વિભાગનાં એસ.ઓ.આર સને ૨૦૧૩–૧૪ નાં વર્ષનાં મંજુર થયા મુજબના ભાવોથી ઠેકેદારશ્રી જે.એમ.શાહ, મરોલી બજાર, મરોલી પાસેથી સદર કામગીરી કરાવેલ છે. સદર કરાવેલ કામગીરીને બહાલ રાખી સદર કામગીરી કરાવવા માટેનો આવેલ એસ્ટીમેઈટની રકમ રૂા.૪,૨૬,૭૦૦/–પુરા મંજુર કરી સદર કરાવેલ કામગીરીને બહાલ રાખી મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

---

## કામ નં.૨૧.:

કા.સ.ઠ.નં.૨૯૨/તા.:૧૭–૧–૨૦૧૫ ની ભલામણ મુજબ તા.:૪–૯–૧૪ તથા તા.:૮–૯–૧૪ના રોજ શ્રી ગણેશ વિર્સજન કાર્યક્રમ માટે ઔરંગા નદી તથા વાંકી નદીના ઓવારા ઉપર લાકડાના બમ્બુથી બેરેકેટીંગ / મંડપ વ્યવસ્થા વિગેરે કામગીરી વિર્સજનોના દિવસ દરમ્યાન કરાવેલ જે અંગેના શ્રીરામગીર ડેકોરેટર્સ,વલસાડના જુદા જુદા આવેલ બીલો ચુકવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
ટેકો આપનાર.:શ્રી રમેશભાઈ પટેલ ( ડેની ).

ઠરાવ.:–

કા.સ.ઠ.નં.૨૯૨/તા.:૧૭–૧–૨૦૧૫ ની ભલામણ મુજબ તા.:૦૪/૦૯/૨૦૧૪ તથા તા.:૦૮/૦૯/૨૦૧૪નાં રોજ શ્રી ગણેશ વિસર્જન કાર્યક્રમ માટે ઔરંગા નદી તથા વાંકી નદીના ઓવારા ઉપર લાકડાના બમ્બુથી બેરીકેટીંગ / મંડપ વ્યવસ્થા વિગેરે કામગીરી વિર્સજનોના દિવસ દરમ્યાન કરાવેલ જે અંગેના શ્રી રામગીર ડેકોરેટર્સ,વલસાડના નીચે જણાવેલ જુદા જુદા આવેલ બીલો ચુકવવા અંગેની જરૂરી કાર્યવાહી કરી મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | બીલ નં. | રકમ રૂા. |
|---|---|---|
| ૧ | ૭૫ / તા.:૭–૧૦–૧૪ | ૯૯૫૭–૦૦ |
| ૨ | ૭૮ / તા.:૭–૧૦–૧૪ | ૨૫૩૬૨–૦૦ |
| ૩ | ૮૦ / તા.:૭–૧૦–૧૪ | ૧૮૭૮૭–૦૦ |
| ૪ | ૮૧ / તા.:૭–૧૦–૧૪ | ૧૮૭૮૭–૦૦ |
| ૫ | ૮૨ / તા.:૭–૧૦–૧૪ | ૨૯૯૮–૦૦ |
| ૬ | ૭૪ / તા.:૭–૧૦–૧૪ | ૧૩૨૭૬–૦૦ |
| ૭ | ૭૬ / તા.:૭–૧૦–૧૪ | ૧૩૯૭૫–૦૦ |
| ૮ | ૭૭ / તા.:૭–૧૦–૧૪ | ૧૬૪૧૭–૦૦ |
| ૯ | ૭૯ / તા.:૭–૧૦–૧૪ | ૧૯૦૨૧–૦૦ |
| | કુલ બીલ રૂા. | ૧૩૮૫૮૦–૦૦ |

સ.મ.મંજુર..

## કામ નં.૨૨.:

કા.સ.ઠ.નં.૨૯૩ /તા.:૧૭–૧–૨૦૧૫ ની ભલામણ મુજબ માન.મુખ્ય મંત્રીશ્રી આનંદીબેન પટેલ, આદીવાસી અધિકાર અને મહીલા સશકિતકરણ કાર્યક્રમ નાના પોંઢા ખાતે કાર્યક્રમ રાખવામા આવેલ હોય,સદર કામે મે.કલેકટર સાહેબશ્રી, વલસાડના તા.:૫–૯–૧૪ના રોજના હુકમ અનુસાર નગરપાલિકા વલસાડ તેમજ મળેલ સુચના મુજબ હેલીપેડ ઉપર તેમજ ક્રોસ રોડ ,મુખ્ય સ્ટેજ પાસે તેમજ પબ્લીક મુખ્ય ધ્વારની સામે મળી કુલ –પાંચ સ્થળો પર હોડીંગ્સ લગાવવાની કામગીરી રામગીર ડેકોરેટર્સ,વલસાડ પાસેથી કરાવેલ.સદર કરાવેલ કામગીરીનુ આવેલ બીલ રૂા.:૨૨,૪૭૨/–પુરાનુ મંજુર કરવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
ટેકો આપનાર.: શ્રી રમેશભાઈ પટેલ ( ડેની ).

ઠરાવ.:–

કા.સ.ઠ.નં.૨૯૩ /તા.:૧૭–૧–૨૦૧૫ ની ભલામણ મુજબ માન.મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ, આદિવાસી અધિકાર અને મહિલા સશકિતકરણ કાર્યક્રમ નાનાપોંઢા ખાતે કાર્યક્રમ રાખવામાં આવેલ હોય,સદર કામે મે.કલેકટર સાહેબશ્રી, વલસાડનાં તા.:૫–૯–૧૪ નાં રોજના હુકમ અનુસાર નગરપાલિકા વલસાડ તેમજ મળેલ સુચના મુજબ હેલીપેડ ઉપર તેમજ ક્રોસ રોડ,મુખ્ય સ્ટેજ પાસે તેમજ પબ્લીક મુખ્ય ધ્વારની સામે માનસી રેસ્ટ હાઉસ એમ મળી કુલ પાંચ સ્થળો પર હોડીંગ્સ લગાવવાની કામગીરી રામગીર ડેકોરેટર્સ, વલસાડ પાસેથી કરાવેલ.સદર કરાવેલ કામગીરીનું આવેલ બીલ રૂા.૨૨,૪૭૨/– પુરાનું આવેલ છે. સદર આવેલ બીલનો ખર્ચ મંજુર કરી, ઉપરોકત આવેલ બીલની રકમ ચુકવવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

---

## કામ નં.૨૩.:

કા.સ.ઠ.નં.૨૯૪ /તા.:૧૭–૧–૨૦૧૫ ની ભલામણ મુજબ આઈ.એચ.એસ.ડી.પી.યોજના હેઠળ સોના સરીતા ખાતે અબ્રામા વિસ્તારમા  આવાસ બાંધકામની કામગીરી હાલે ચાલુ છે.સદર આવાસ બાંધકામની અબ્રામા ખાતેની જમીન ખુબજ નિચાણવાળી હોવાથી સદર આવાસોમા પ્લીન્થ રોડ લેવલથી ૦.૬૦મીટરની ઉંચાઈ લેવામા આવતા આર.સી.સી.કોલમ ,બીમ તથા સ્ટ્રકચરલ ડીઝાઈન મુજબના સ્ટીલના જથ્થામા વધારો થવા જાય એમ છે.જેથી સદર વધારાની કામગીરીનો ખર્ચ રૂા.:૨૪,૮૩,૬૯૧/–પુરા મંજુર કરવા  બાબત..

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
ટેકો આપનાર.:શ્રીમતી નયનાબેન દેસાઈ.

<u>ઠરાવ.:–</u>

કા.સ.ઠ.નં.૨૯૪ /તા.:૧૭–૧–૨૦૧૫ ની ભલામણ મુજબ IHSDP યોજના હેઠળ સોના સરીતા ખાતે અબ્રામા વિસ્તારમાં આવાસ બાંધકામની કામગીરી હાલે ચાલુ છે. સદર આવાસ બાંધકામની અબ્રામા ખાતેની જમીન ખુબજ નીચાણવાળી હોવાથી સદર આવાસોમાં પ્લીન્થ રોડ લેવલથી ૦.૬૦ મીટરની ઉંચાઈ લેવામાં આવતાં આર.સી.સી. કોલમ,આર.સી.સી. બીમ તથા સ્ટ્રકચરલ ડીઝાઈન મુજબનાં સ્ટીલનાં જથ્થામાં વધારો થવા જાય એમ છે. જેથી સદર વધારાની કામગીરીનો ખર્ચ રૂા.૨૪,૮૩,૬૯૧/–પુરાનો વધારાનો ખર્ચ થવા જાય એમ છે તો સદર વધારાનો ખર્ચ કરવા અંગે નિયમોનુસાર કાર્યવાહી કરવા તથા મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

---

## કામ નં.૨૪.:

કા.સ.ઠ.નં.૨૯૬/તા.:૧૭–૧–૨૦૧૫ ની ભલામણ મુજબ વોર્ડ નં.૮મા આવેલ દિપ્તી ગ્લાસથી દશ છાપરી સુધી બોક્ષ ટાઈપ સ્ટ્રોમ વોટરની લાઈન નાંખવાની જરૂરીયાત હોવાથી, સદર કામનુ આવેલ એસ્ટીમેઈટ રૂા.: ૮,૯૦,૭૦૦/–પુરાનુ મંજુર કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
ટેકો આપનાર.:શ્રી મહેબુબ ગુલશેરખાન પઠાણ.

<u>ઠરાવ.:–</u>

કા.સ.ઠ.નં.૨૯૬/તા.:૧૭–૧–૨૦૧૫ ની ભલામણ મુજબ વોર્ડ નં.–૮ માં આવેલ દિપ્તી ગ્લાસથી દશ છાપરી સુધી બોક્ષ ટાઈપ સ્ટ્રોમ વોટરની લાઈન નાંખવાની જરૂરીયાત હોવાથી, જે અંગેના કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૮,૯૦,૭૦૦/– અંકે રૂા. આઠ લાખ, નેવું હજાર , સાતસો પુરાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૫૮૭/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

## કામ નં.૨૫.:

કા.સ.ઠ.નં.૨૯૭/તા.:૧૭–૧–૨૦૧૫ ની ભલામણ મુજબ વોર્ડ નં.૯મા આવેલ સભ્યશ્રી ઝાકીરભાઈ પઠાણના ઘરવાળી ગલીથી રેલ્વે યાર્ડ મારકેટ રોડથી રેલ્વે પોલીસ ચોકી સુધી આર.સી.સી.પાઈપ લાઈન વાળી ગટર બનાવવાની જરૂરીયાત હોય જે અંગેના કામનુ આવેલ એસ્ટીમેઈટ રૂા.:૧૯,૭૭,૬૫૩/–પુરાનુ મંજુર કરવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
ટેકો આપનાર.:શ્રી મહેબુબ ગુલશેરખાન પઠાણ.

<u>ઠરાવ.:–</u>

કા.સ.ઠ.નં.૨૯૭/તા.:૧૭–૧–૨૦૧૫ ની ભલામણ મુજબ વોર્ડ નં.–૯ માં આવેલ સભ્યશ્રી ઝાકીરભાઈ પઠાણના ઘરવાળી ગલીથી રેલ્વે યાર્ડ માર્કેટ રોડથી રેલ્વે પોલીસ ચોકી સુધીના વિસ્તારમાં વરસાદી પાણીનો ભરાવો રહે છે તથા આ વિસ્તારની કાચી ગટરમાંથી વરસાદી પાણીનો નિકાલ યોગ્ય રીતે થતો નથી. જેને લીધે મેઈન રોડ ઉપર ગટરનું પાણી ઉભરાય છે. જેથી સદર વિસ્તારમાં આર.સી.સી.પાઈપલાઈનવાળી ગટર બનાવવાની જરૂરીયાત હોઈ, જે અંગેના કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા. ૧૯,૭૭,૬૫૩/– પુરાનું મંજુર કરી,હવે પછીની જે ગ્રાંટ આવે તેમાંથી સદર કામગીરી કરાવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૫૮૮/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

## કામ નં.૨૬.:

કા.સ.ઠ.નં.૨૯૮/તા.:૧૭–૧–૨૦૧૫ ની ભલામણ મુજબ વોર્ડ નં.૧૧ના જવાહરનગર બીજી ગલી વિસ્તારમા ૧૦૦ એમ. એમ. ડાયાની પાણીની પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત હોય જે અંગેના કામનુ આવેલ એસ્ટીમેઈટ ખર્ચ રૂા.:૨,૦૭,૨૦૦/–પુરા મંજુર કરવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
ટેકો આપનાર.:શ્રીપંકજભાઈ આહીર.

**<u>ઠરાવ.:–</u>**

કા.સ.ઠ.નં.૨૯૮/તા.:૧૭–૧–૨૦૧૫ ની ભલામણ મુજબ વોર્ડ નં.–૧૧નાં જવાહર નગર બીજી ગલી પાસે કારોબારી ચેરમેનશ્રી ધર્મિનભાઈ શાહના ઘરની આગળ પાણીના પ્રેસરની ખૂબજ ફરીયાદ હોય સદર જગ્યાએ સ્થળ તપાસ કરતા ફરીયાદ સાચી જણાયેલ, જે નિવારવા તે વિસ્તારમાં ૧૦૦એમ.એમ.ડાયાની પાણીની પાઈપલાઈન નાંખવાની જરૂરીયાત છે. હાલ ચાલુ લાઈન નાના ડાયાની અને તેમાંથી વધુ કનેકશન આપેલ હોય, નવી લાઈન નાંખવી ખૂબજ જરૂરી છે. સદર લાઈન નાંખવા નીચે મુજબનો માલસામાન ખરીદ કરવાની જરૂરીયાત છે.

| ક્રમ નં. | વિગત. | મંજુર થયેલ ભાવ | ખરીદવા પાત્ર જથ્થો. |
|---|---|---|---|
| ૧. | ૧૦૦એમએમ જી.આઈ.પાઈપએશીયન સી કલાસ | ૧૦૮૯/– ૧ મીટરના | ૧૨૦મીટર. |
| ૨. | ૨૫૦ × ૧૦૦ એમ.એમ.સી.આઈ.ટી | ૧૪૭ એક કે.જી.ના | નંગ–૧ |
| ૩. | ૧૦૦ એમ.એમ.સ્લુઝ વાલ્વ(આઈ.એસ.આઈ.) | ૬૮૩૪/– એક નંગના | નંગ–૧ |

ઉપરોક્ત સામાન વર્ષ ૨૦૧૪–૧૫ ના વાર્ષિક મંજુર થયેલ ભાવે ખરીદ કરવા અંદાજીત ખર્ચ રૂા.૧,૪૮,૦૦૦/– થવા જાય છે. અને સદર પાઈપલાઈન નાંખવાની મજુરી ખર્ચ રૂા.૫૯,૨૦૦/– થાય છે. એમ કુલ ખર્ચ રૂા.૨,૦૭,૨૦૦/– જેટલો થાય છે. જે મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

## કામ નં.૨૭.:

કા.સ.ઠ.નં.૨૯૯/તા.:૧૭–૧–૨૦૧૫ તથા સે.ક.ઠ.નં.૮૭/તા.: ૨૪–૧૨–૨૦૧૪થી ઠરાવ્યા મુજબ સફાઈ કામગીરીના આવેલ ટેન્ડરો કારોબારી કમીટી તથા જનરલ બોર્ડની મંજુરતની અપેક્ષાએ ખુલ્લા કરી કામગીરી કરાવેલ જેને બહાલ રાખવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
ટેકો આપનાર.:શ્રી ધર્મેશભાઈ ડાંગ.

ઠરાવ.:–

કા.સ.ઠ.નં.૨૯૯/તા.:૧૭–૧–૨૦૧૫ તથા સે.ક.ઠ.નં.૮૭ / તા.:૨૪–૧૨–૧૪ થી ઠરાવ્યા મુજબ,વલસાડ નગરપાલિકામાં કાયમી અને રોજીંદા કર્મચારી / કામદારો વિગેરે શ્રી ગુજરાત પ્રદેશ મ્યુનિસિપલ કર્મચારી મહાસંઘ, વડોદરાના યુનીયન સાથે જોડાયેલ છે. આ યુનીયન તરફથી નગરપાલિકાને તા.:૧૦–૧૨–૨૦૧૪ ના રોજ નગરપાલિકાના કર્મચારી / કામદારો વિગેરેની માંગણીઓ બાબતનું આવેદન પત્ર આપી તેમની માંગણીઓ બાબતે યોગ્ય નિકાલ ન આવે તો તા.:૨૪/૧૨/૨૦૧૪ ના રોજથી નગરપાલિકાના તમામ શાખાના હંગામી / રોજીંદા દરે કે ફીકસ પગારથી ફરજ બજાવતા કર્મચારી / કામદારો વિગેરે અચોકકસ મુદતની હડતાલ પર જવાનું જણાવેલ હતું.

યુનીયનના હોદ્દેદારો તથા કર્મચારી મંડળ સાથે તા.:૧૦/૧૨/૨૦૧૪ ના રોજ એક બેઠક ચીફ ઓફીસરશ્રી ધ્વારા યોજવામાં આવેલ હતી. આ બેઠકમાં યુનીયન તરફથી રજુ થયેલ ખાલી જગ્યા પુરવા અંગેની માંગણીઓ પૈકી ખાલી જગ્યા ભરવા અંગે નગરપાલિકાએ હકારાત્મક પ્રતિભાવ દાખવેલ હતો અને તેનાથી પણ યુનીયનને સંતોષ હતો. પરંતુ યુનીયનની એક માંગણી એવી હતી કે નગરપાલિકાના કાયમી મહેકમમાં ખાલી પડેલ જગ્યાઓ પર હાલે નગરપાલિકાના હંગામી / રોજીંદા અને ફીકસ પગારમાં ફરજ બજાવતા કર્મચારીઓ / કામદારોને સિન્યોરીટી મુજબ કાયમી કરવા અને જો નગરપાલિકા ધ્વારા તેઓની માંગણી ન સંતોષાય તો તા.:૨૪/૧૨/૨૦૧૪ થી હડતાલ પર જવાનું નકકી કરેલ હતું.

યુનીયન તરફથી આ બાબતે થયેલ રજુઆતને લક્ષમાં રાખી તેમજ જાહેર આરોગ્યને ધ્યાનમાં લઈ અગમચેતીના ભાગરૂપે નગરપાલિકાની આરોગ્ય સમીતી ઠરાવ નંબર.:૮૨ / તા.:૧૨/૧૨/ ૨૦૧૪ થી નીચે જણાવેલ કામગીરી માટે આઉટ સોસીંગથી સ્ટાફ મેળવવા નિયમ મુજબની કાર્યવાહી કરવાનું નકકી કરેલ હતું.

| અ.નં. | કામગીરીની વિગત. |
|---|---|
| (૧) | ડોર ટુ ડોર ધનકચરા નિકાલની કામગીરી કરાવવા બાબત |
| (૨) | કન્ટેનર મારફત ડમ્પીગ સાઈટે કચરો નિકાલ કરવા બાબત. |
| (૩) | મુખ્ય જિલ્લાઓ ગલીના રસ્તાઓની સફાઈ કામગીરી બાબત. |
| (૪) | નગરપાલિકા વિસ્તારમાં આવેલ નાની–મોટી ગટરની સફાઈ કરવા બાબત. |

ઉપરોકત કામગીરી માટે આરોગ્ય સમીતી ઠરાવ નંબર.:૮૨ / તા.:૧૨/૧૨/૨૦૧૪ ના રોજ દૈનિક પેપરમાં જાહેરાત આપી ટેન્ડરો બહાર પાડી આઉટ સોસીંગથી ભાવો મંગાવી સફાઈ કામગીરી કરાવવાનું નકકી કરેલ હતું. તે મુજબ નગરપાલિકાએ જાહેર આરોગ્ય અને જાહેર હિતને ધ્યાનમાં લઈ ટુંકી મુદતની જાહેરાત / ટેન્ડર નોટીશ તા.:૧૩/૧૨/૨૦૧૪ ના રોજ દૈનિક પત્રમાં પ્રસિધ્ધ કરાવી ભાવો મંગાવેલ હતાં. આવેલ ટેન્ડરો આરોગ્ય સમીતીના પદાધિકારીઓ તથા ચીફ ઓફીસરશ્રીની રૂબરૂમાં ખુલ્લા કરવામાં આવેલ જેનું તુલનાત્મક પત્રક નીચે મુજબ છે.

| અ. નં. | કામગીરીની વિગત. | દરબારવેસ્ટ સર્વીસ–ન્યુ સીટીલાઈટ સુરત રૂા. | | શાંતી કોર્પોરેશન વરાછા રોડ સુરત રૂા. | | જે.આર. વાલીયા માણેકપોર બારડોલી રૂા. | | દેવલેબર કોન્ટ્રાકટર લુહાર ટેકરા, વલસાડ. | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | નગરપાલિકા વિસ્તારમાં આવેલ મીલકતોમાંથી ડોર ટુ ડોર ધનકચરા નિકાલ કરવાની કામગીરી(મીલકત દીઠ માસીક ભાવ / ચાર્જ) નગરપાલિકાના સાધનનો ઉપયોગ સાથેનો. | ૩૮/–રૂા. ન.પા.ના. સાધનનો ઉપયોગ સાથેનો. | ૪૭/–રૂા. ન.પા.ના સાધનનો ઉપયોગ વગરનો. | ૫૫/–રૂા. ન.પા.ના. સાધનનો ઉપયોગ સાથેનો. | –– | ૫૧/–રૂા. ન.પા.ના સાધનનો ઉપયોગ સાથેનો. | –– | –– | –– |
| ૨ | નગરપાલિકા વિસ્તારમાં મુખ્ય રસ્તાઓ ગલીઓની સફાઈ કામગીરી રોડ બ્રસીગ સફાઈ,ઝાડુ સફાઈ કામગીરી એક કિલોમીટરનો ભાવ માસીક. | ૭૪૦૦૦/– | ૯૪૦૦૦/– | ૯૮૦૦૦/– | –– | ૯૯૦૦૦/– | –– | –– | –– |
| ૩ | નગરપાલિકા વિસ્તારમાં આવેલ કન્ટેનરો / ડસ્ટબીનોમાં ભેગો થતો કચરાના નિકાલનો ભાવ. ઉચ્ચક ભાવ.ટનદીઠ ભાવ. | ૮૦૦૦૦૦–<br>૧૫૦૦– | ૧૧૦૦૦૦૦–<br>૧૭૦૦– | ૧૩૦૦૦૦૦<br>૧૭૫૧– | ––<br>–– | ૧૨૧૨૦૦૦<br>૧૮૦૦– | –<br>– | ૨૯૨૫–<br>૩૦૪૫– | –<br>– |
| | બ–વિભાગ | | | | | | | | |
| ૧ | આરોગ્ય વિભાગના કામ માટે ઝાડુ સફાઈ કરી કચરો ઉચકવાની તથા દવા છંટકાવની કામગીરી માટે મજુરો પુરા પાડવાનું કામ.( એક મજુરોનો એક દિવસનો ભાવ સફાઈના સાધનો સાથે) | ૩૯૫– | –– | ૪૪૪– | – | ૪૧૧– | – | ૫૨૫– | – |
| ૨ | આરોગ્ય વિભાગના કામ માટે ઝાડી ઝાખરા કટીગ કરવા તથા રોડ સફાઈની કામગીરી માટે મજુરો પુરા પાડવાનું કામ.( એક મજુરોનો એક દિવસનો ભાવ સફાઈના સાધનો સાથે) | ૪૮૫– | –– | ૫૪૪– | – | ૫૧૧– | – | ૫૨૫– | – |
| ૩ | આરોગ્ય વિભાગના કામ માટે ડ્રાયવર પુરા પાડવાનું કામ(લાયસન્સ વાળા એક ડ્રાયવરનો એક દિવસનો ભાવ.) | ૬૯૨– | – | ૭૪૪– | –– | ૭૧૧ | – | –– | –– |

ઉપરોકત આવેલ ભાવોનું તુલનાત્મક પત્રક જોતાં વિભાગ–અ– અં.નં. ૧ થી ૩ – આઈટમના તથા વિભાગ–બ– અ.નં.૧ થી ૩ આઈટમના ભાવો શ્રી દરબાર વેસ્ટ સર્વીસ, ન્યુ સેટે લાઈટ, સુરતના આવેલ ભાવો અન્ય આવેલ ભાવો કરતાં સૌથી ઓછા અને વ્યાજબી જણાતા હોય તે મંજુર કરી, તેમની પાસે જરૂરીયાત મુજબની કામગીરી  કરાવવાનું તથા ટેન્ડરમાં જણાવેલ શરતો ઉપરાંત નગરપાલિકા સુચવે તે મુજબની શરતોનો કરારખત કરી આપવાની શરતે તેમની પાસે આ કામગીરી કરાવવાનું કારોબારી કમીટી તથા નગરપાલિકાની જનરલ બોર્ડની મંજુરતની અપેક્ષાએ હાલની ઉદ્ભવેલ આકસ્મીક હડતાલને લક્ષમાં લઈ કામગીરી કરાવવામાં આવેલ જેને બહાલ રાખવા મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૫૯૦/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

## કામ નં.૨૮.:

કા.સ.ઠ.નં.૩૦૪/તા.:૧૭–૧–૨૦૧૫ ની ભલામણ મુજબ તા.:૩૧–૧૦–૨૦૧૪ના રોજ રાજયમા " એકતા દોડ"નો કાર્યક્રમ વલસાડ ખાતે બીડીસીએ ગ્રાઉન્ડથી આઝાદચોક થઈ આવાબાઈ હાઈસ્કુલ થઈ સરકીટ હાઉસથી તીથલરોડ કોલેજ કંપાઉન્ડ સુધી રાખવામા આવેલ જે દરમ્યાન જુદા જુદા સ્થળોએ સ્ટેજ, સાઉન્ડ, જનરેટર, સોફા, ખુરશી,ટ્રીપોઈ, પોડીયમ, ફલોરીંગ ,ટેબલ, એન્ટ્રી ગેઈટ, હોડીંગ્સ, સ્ટેજના મહાનુભવો માટે મીનરલ વોટરની બોટલ વિગેરે કરાવેલ જેના આવેલ બીલો રૂા.:૭૫૫૦– + રૂા.: ૮૫૧૭૦/– + રૂા.: ૪૬,૯૯૯/– મળી કુલ ખર્ચ રૂા.: ૧,૩૯,૭૧૯–પુરા મંજુર કરવા દરખાસ્ત મુકવામા આવે છે.

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
ટેકો આપનાર.:શ્રી રમેશભાઈ પટેલ(ડેની)

<u>ઠરાવ.:–</u>

કા.સ.ઠ.નં.૩૦૪/તા.:૧૭–૧–૨૦૧૫ ની ભલામણ મુજબ તા.:૩૧–૧૦–૧૪ નાં રોજ રાજયમાં " એકતા દોડ" નું કાર્યક્રમ વલસાડ ખાતે બીડીસીએ ગ્રાઉન્ડ થી આઝાદ ચોક થઈ આવાંબાઈ હાઈસ્કુલ થઈ સરકીટ હાઉસથી તીથલ રોડ કોલેજ કંમ્પાઉન્ડ સુધી યોજવામાં આવેલ છે.સદરહું કામગીરી કરાવવા માટે લાયઝનીંગ ઓફીસરશ્રી વલસાડ ધ્વારા નગરપાલિકાને કેટલીક કામગીરી કરાવવા માટેનો આદેશ કરવામાં આવેલ છે. સદર કામગીરી વલસાડનાં રામગીર ડેકોરેટર્સ,વલસાડ પાસેથી જુદાજુદા સ્થળોએ સ્ટેજ, સાઉન્ડ, જનરેટર,સોફા, ખુરશી,ટ્રીપોઈ,પોડીયમ,ફલોરીંગ ,ટેબલ,એન્ટ્રી ગેઈટ, હોડીંગ્સ,સ્ટેજના મહાનુભાવો માટે મીનરલ વોટરની બોટલ વિગેરે વલસાડ નગરપાલિકાના સને ૨૦૧૪–૧૫ ના વાર્ષિક મંજુર થયેલ ભાવોથી કામગીરી કરાવેલ, જેના નીચે મુજબના આવેલ બીલ ચુકવવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧ | બીલ નં.૯૧ / ૪–૧૧–૧૪ | રૂા. ૭૫૫૦/– |
| ૨ | બીલ નં.૯૦ / ૪–૧૧–૧૪ | રૂા.૮૫૧૭૦/– |
| ૩ | બીલ નં.૯૩ / ૪–૧૧–૧૪ | રૂા. ૪૬૯૯૯/– |

સ.મ.મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૫૯૧/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

### કામ નં.૨૯.:

કા.સ.ઠ.નં.૩૦૫/તા.:૧૭–૧–૨૦૧૫ ની ભલામણ મુજબ તા.: ૨૨–૧૧–૨૦૧૪ના રોજ યુવા મહોત્સવ અંતર્ગત માન.મુખ્ય મંત્રીશ્રી સંસ્કાર કેન્દ્ર,વલસાડ ખાતે પધારનાર હોય, સદર કામે મે.પ્રમુખશ્રી તેમજ વહીવટી તંત્ર ધ્વારા મોટા હોડીગ્સ નંગ–૪–બનાવી .સદર સ્થળે મુકવાની વ્યવસ્થા રામગીર ડેકોરેટર્સ,વલસાડ પાસે કામગીરી કરાવેલ જેનુ આવેલ બીલ રૂા.: ૩૦,૦૦૦/–પુરા મંજુર કરવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
ટેકો આપનાર.:શ્રી રમેશભાઈ પટેલ(ડેની).

<u>ઠરાવ.:–</u>

કા.સ.ઠ.નં.૩૦૫/તા.:૧૭–૧–૨૦૧૫ ની ભલામણ મુજબ તા.:૨૨–૧૧–૧૪ નાં રોજ યુવા મહોત્સવ અંતર્ગત માન.મુખ્ય મંત્રીશ્રી સંસ્કાર કેન્દ્ર ,વલસાડ ખાતે પધારનાર હોય સદર કામે મે.પ્રમુખશ્રી તેમજ વહીવટી તંત્ર ધ્વારા મોટા હોડીંગ્સ –૪ નંગ બનાવી સદર સ્થળે મુકવાની જરૂરીયાત હોય, જેની વ્યવસ્થા રામગીર ડેકોરેટર્સ,વલસાડ પાસે કામગીરી કરાવેલ છે. જે અંગેનું આવેલ બીલ રૂા.૩૦,૦૦૦/– પુરા ચુકવવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૫૯૨/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

### કામ નં.૩૦.:

કા.સ.ઠ.નં.૩૦૭/તા.:૧૭–૧–૨૦૧૫ ની ભલામણ મુજબ નામદાર સરકારશ્રી ધ્વારા માન.મુખ્ય મંત્રીશ્રીની મહીલાઓના ઉત્થાન માટે કટીબધ્ધતા ધ્યાને લઈ મહીલા સશકિતકરણ અંગેના પ્રયાસો વધુ વેગવાન બનાવવાના ભાગરૂપે નવરાત્રી ના પર્વ નિમિતે નવરાત્રી સબંધીત ચીજવસ્તુઓના ઉત્પાદન તથા વેચાણ કરતી મહીલા સંગઠનોને સીધુ બજાર મળી રહે તે માટે તા.: ૨૧–૯–૧૪ થી તા.:૨૫–૯–૧૪ દરમ્યાન રંગઉપવન શો.સે.ની નીચે પાર્કીગમા નવરાત્રી મેળાનુ આયોજન કરવામા આવેલ.સદર કામગીરી માટે મંડપ, સ્ટોલ, ખુરશી , ટેબલ ફલોરીંગ, રેડ કારપેટ, લાઈ, પંખા, પાણી, સાઉન્ડ સીસ્ટમ વિગેરેની કામગીરી રામગીર ડેકોરેટર્સ,વલસાડ પાસે કરાવેલ જે અંગે કરાવેલ કામગીરીનુ આવેલ બીલ રૂા.: ૧,૫૨,૨૯૧/–પુરા મંજુર કરવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
ટેકો આપનાર.:શ્રી રમેશભાઈ પટેલ(ડેની).

<u>ઠરાવ.:–</u>

કા.સ.ઠ.નં.૩૦૭/તા.:૧૭–૧–૨૦૧૫ ની ભલામણ મુજબ ના. સરકારશ્રી ધ્વારા મા.મુખ્યમંત્રીશ્રીની મહિલાઓના ઉત્થાન માટે કટીબધ્ધતા ધ્યાને લઈ મહિલા સશકિતકરણ અંગેના પ્રયાસો વધુ વેગવાન બનાવવાના ભાગરૂપે નવરાત્રીના પર્વ નિમિત્તે નવરાત્રી સંબંધીત ચીજવસ્તુઓના ઉત્પાદન તથા વેચાણ કરતી મહીલા સંગઠનોને સીધુ બજાર મળી રહે તે માટે તા.:૨૧–૯–૧૪ થી ૨૫–૯–૧૪ દરમ્યાન રંગ ઉપવન શો.સેન્ટરની નીચે પાર્કીગમાં નવરાત્રી મેળાનું આયોજન કરવામાં આવેલ સદર કામગીરી માટે મંડપ,સ્ટોલ, ખુરશી ટેબલ ફલોરીંગ, રેડકાર્પેટ, લાઈટ પંખા, પાણી, સાઉન્ડ સીસ્ટમ વિગેરેની વ્યવસ્થા રામગીર ડેકોરેટર્સ,વલસાડ પાસે કામગીરી કરાવેલ છે. જે અંગેનું આવેલ બીલ રૂા.૧,૫૨,૨૯૧/–પુરા ચુકવવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૫૯૩/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

## કામ નં.૩૧.:

કા.સ.ઠ.નં.૬૧ /તા.:૩૦–૫–૨૦૧૩ ની ભલામણ મુજબ સીવીક સેન્ટર શાખામા આઈકોન ટેકનોલોજી –વલસાડ હસ્તક સીવીક સેન્ટરોની સીસ્ટમોનુ,હાર્ડવેર – સોફટવેર–મેન્ટેનન્સને લગતો સને ૨૦૧૩–૧૪ના વર્ષનો કોન્ટ્રાકટ અન્વયે કરાવેલ કામગીરી અંગેનુ આવેલ બીલ રૂા.:૧૩,૨૦૦–પુરાનુ આવેલ જે મંજુર કરવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
ટેકો આપનાર.:શ્રી રમેશભાઈ પટેલ( ડેની ).

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૬૧ /તા.:૩૦–૫–૨૦૧૩ ની ભલામણ મુજબ સીવીક સેન્ટર શાખામા આઈકોન ટેકનોલોજી –વલસાડ હસ્તક સીવીક સેન્ટરોની સીસ્ટમોનુ,હાર્ડવેર – સોફટવેર–મેન્ટેનન્સને લગતો સને ૨૦૧૩–૧૪ના વર્ષનો કોન્ટ્રાકટ સંચાલકશ્રી આઈકોન ટેકનોલોજી –ટ્રેડ સેન્ટર,વલસાડ પાસે કરાવેલ કામગીરી અંગેના આવેલ બીલો નીચે મુજબ છે.

| અ.નં. | બીલ નંબર. | રકમ રૂા.: |
|---|---|---|
| ૧ | ૧૫– તા.:૨૮–૫–૧૪ | રૂા.:૧૩,૨૦૦– |
| ૨ | ૧૬– તા.:૨૮–૫–૧૪ | રૂા.:૧૩,૨૦૦– |
| ૩ | ૧૭– તા.:૨૮–૫–૧૪ | રૂા.:૧૩,૨૦૦– |
| ૪ | ૨૫– તા.:૨–૯–૧૪ | રૂા.:૧૩,૨૦૦– |
| | કુલ રકમ | રૂા.:૫૨,૮૦૦– |

ઉપરોકત બીલો મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

સ.મ.મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૫૯૪/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

### કામ નં.૩૨.:

કા.સ.ઠ.નં.૩૦૮/તા.:૧૭–૧–૨૦૧ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાનો સને ૨૦૧૪–૨૦૧૫નો તા.: ૦૧/૦૪/૨૦૧૪ થી તા.: ૩૦/૦૯/૨૦૧૪ સુધીનો છમાસીક હિસાબ મંજુર કરવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
ટેકો આપનાર.:શ્રી હિતેશભાઈરાણા.

<u>ઠરાવ.:–</u>

કા.સ.ઠ.નં.૩૦૮/તા.:૧૭–૧–૨૦૧ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાનો સને ૨૦૧૪–૨૦૧૫ નોતા.:૦૧/૦૪/૨૦૧૪ થી તા.:૩૦/૦૯/૨૦૧૪ સુધીનો છમાસિક હિસાબ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૫૯૫/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

## કામ નં.૩૩.:

કા.સ.ઠ.ન.૩૦૯/તા.:૧૭–૧–૨૦૧૫ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાનો સને ૨૦૧૪–૨૦૧૫નો તા.:૦૧/૦૪/૨૦૧૪ થી તા.:૩૧/૧૨/૨૦૧૪ સુધીનો નવ માસીક હિસાબ મંજુર કરવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
ટેકો આપનાર.:શ્રી પ્રવિણભાઈ કચ્છી.

ઠરાવ.:–

કા.સ.ઠ.ન.૩૦૯/તા.:૧૭–૧–૨૦૧૫ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાનો સને ૨૦૧૪–૨૦૧૫ નો તા.:૦૧/૦૪/૨૦૧૪ થી તા.:૩૧/૧૨/૨૦૧૪ સુધીનો છમાસિક હિસાબ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

## કામ નં.૩૪.:

કા.સ.ઠ.ન.૨૮૩/તા.:૧૭–૧–૨૦૧૫ તથા ફા.એન્ડ લા.ક.ઠ.નં.૩૭/તા.:૨૫–૭–૨૦૧૪ની ભલામણ મુજબ નવા ફાયર સ્ટેશન બીલ્ડીગનું ટેન્ડર સિવાયની કામગીરી જેવી કે,આર.સી.સી.રેમ્પ,ડેકોરેટીવ,કંપાઉન્ડ વોલ,ડેકોરેટીવ ગેટ તથા પેવર બ્લોક બેસાડવાની કામગીરી કરવાની થાય છે જે અંગેનુ આવેલ એસ્ટીમેઈટ રૂા.: ૧૪,૦૩,૧૧૦/–પુરાનુ મંજુર કરવા બાબત

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
ટેકો આપનાર.:શ્રી રમેશભાઈ પટેલ ( ડેની ).

સભ્યશ્રી શશીભાઈ શેઠીયાએ રજુઆત કરી કે, એસ્ટીમેઈટ / મુળ ખર્ચ રૂા.:૧૪–લાખ વધારે હોવાનુ જણાવેલ છે.
ચીફ ઓફીસરશ્રીએ જણાવ્યુ કે, એસ.ઓ.આર.મુજબ છે.

ઠરાવ.:–

કા.સ.ઠ.ન.૨૮૩/તા.:૧૭–૧–૨૦૧૫ તથા ફાયર એન્ડ લાઈટ કમીટી ઠરાવ નં.૩૭ / તા.:૨૫–૭–૨૦૧૪ થી ઠરાવ્યા મુજબ,૧૩માં નાણાંપંચની યોજનાની ગ્રાંટ હેઠળ નવા ફાયર સ્ટેશનનું કામ શરૂ કરવામાં આવેલ હતું. સદરહું કામે ગ્રાન્ટની મર્યાદામાં સીવીલ વર્કનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. આ અંગે ટેન્ડર સિવાયનું કામગીરી (૧)આર.સી.સી.રેમ્પ,(૨) ડેકોરેટીવ કંપાઉન્ડ વોલ,(૩)ડેકોરેટીવ ગેટ (૪) પેવર બ્લોક બેસાડવાનું કામ અંગેનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧૪,૦૩,૧૧૦–પુરા મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૫૯૭/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

### કામ નં.૩૫.:

કા.ક.ઠ.નં.૩૧૧/તા.:૧૭–૧–૨૦૧૫ની ભલામણ મુજબ કલ્યાણ બાગ ,જયોતી મીનાર, તથા શહેરી વિસ્તારમાં સુંદર અને સુશોભન કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
ટેકો આપનાર.:શ્રીમતી ધર્માબેન દેસાઈ.

ઠરાવ.:–

કા.ક.ઠ.નં.૩૧૧/તા.:૧૭–૧–૨૦૧૫ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાનો જયોતિમિનાર, કલ્યાણ બાગ શહેરની જીલ્લા મથકની અગત્યતા ધ્યાનમાં લેતાં,જયોતિમિનાર,કલ્યાણ બાગ ડેવલપમેન્ટ કરવા માટે સુંદર અને સુશોભન અંગે ડીઝાઈન કરાવવાની જરૂરીયાત હોય, આર્કિટેકટ શ્રી શહેરનાં નામાંકિત બિલ્ડર વિગેરેની નીચે જણાવ્યા મુજબની કમીટીની રચના કરી, આગળની જરૂરી કાર્યવાહી કરાવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

કમીટીનાં સભ્યશ્રી

૧) પ્રમુખશ્રી, વલસાડ નગરપાલિકા.
૨) ચેરમેનશ્રી, કારોબારી સમીતી, વલસાડ નગરપાલિકા.
૩) ચીફ ઓફીસરશ્રી, વલસાડ નગરપાલિકા.
૪)શ્રી પ્રણવ. પી. ગજજર – આર્કીટેકટ.
૫)શ્રી અપૂર્વ. એ. દેસાઈ– સીવીલ એન્જીનીયર.

વધુમાં, આ કામે આર્કીટેકટ તરીકે પારૂલબેન ઝવેરી અમદાવાદની નિમણુંક કરવામાં આવે છે. તથા સ્થાનિક આર્કીટેકટ તરીકે પ્રવિણભાઈ ગજજર–ઈન્ટ્રાપ્લાનરની નિમણુંક કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૫૯૮/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

## કામ નં.૩૬.:

કા.ક.ઠ.નં.૩૧૨/તા.:૧૭–૧–૨૦૧૫ની ભલામણ મુજબ વોર્ડ નં.૨,અલંકાર ગલીમા ડામર રસ્તાનુ એસ્ટીમેઈટ મંજુર કરવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
ટેકો આપનાર.:શ્રી હિતેશભાઈ રાણા.

<u>ઠરાવ.:–</u>

કા.ક.ઠ.નં.૩૧૨/તા.:૧૭–૧–૨૦૧૫ની ભલામણ મુજબ વોર્ડ નં.–૨ મા આવેલ અલંકાર બીલ્ડીગ ગલીમાં વિસ્તાર નો રસ્તો ખૂબજ બિસ્માર હાલતમાં હોય તથા સદર વિસ્તારમાં દાણા બજાર આવેલ હોવાથી મોટા ભારી વ્હીકલોનું અવરજવર થવાથી આ વિસ્તારના રસ્તામાં ખાડા પડી ગયેલ છે. જેના લીધે સદર વિસ્તારના રહીશોને અવરજવર કરવામાં ઘણી તકલીફ પડે છે. ઉપરોકત હકીકતો ઘ્યાને લઈ, અલંકાર બીલ્ડીગ વિસ્તારના રસ્તાને ડામર રોડ બનાવવાની જરૂરીયાત હોય જે અંગેનાં કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા. ૫,૭૫,૧૨૦/– પુરાનું મંજુર કરી, સદર કામગીરી કરાવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૫૯૯/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

### કામ નં.૩૭.:

કા.ક.ઠ.નં.૩૧૩/તા.:૧૭–૧–૨૦૧૫ની ભલામણ મુજબ જીલ્લા આયોજન કચેરી,વલસાડના પત્ર ક્રમાંક.: આયોજન/સ.મ./વી./આયો./દરખાસ્ત /વશી–૮૩૯ થી ૮૪૮ /૨૦૧૪,તા.:૨૭–૧૧–૨૦૧૪થી આવેલ પત્રમા જણાવ્યા મુજબ વિકેંદ્રીત જીલ્લા આયોજન કાર્યક્રમ વર્ષ–૨૦૧૫–૧૬ના વર્ષમા રસ્તા ,પાણી પુરવઠા, શિક્ષણ,આરોગ્ય,ગંદા વસવાટની વાતાવરણ લક્ષી સુધારણા હેઠળ રૂા.: ૨૫.૦૦લાખના કામોનું આયોજન કરવાની જરૂરીયાત હોવાથી સદર કામોનુ આયોજન કરવા માટે નગરપાલિકા હદ વિસ્તારના જુદા જુદા કામોનુ આયોજન કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
ટેકો આપનાર.:શ્રી મહેબુબ ગુલશેરખાન પઠાણ.

<u>ઠરાવ.:–</u>

કા.ક.ઠ.નં.૩૧૩/તા.:૧૭–૧–૨૦૧૫ની ભલામણ મુજબ જીલ્લા આયોજન કચેરી વલસાડનાં પત્રક્રમાંકઃ નં.આયોજન/સં.મ. / વિ. આયો. / દરખાસ્ત / વશી. ૮૩૯ થી ૮૪૮ / ૨૦૧૪ તા.:૨૭ /૧૧ /૨૦૧૪ થી આવેલ પત્રમાં જણાવ્યા મુજબ, વિકેન્દ્રીત જીલ્લા આયોજન ક્રાર્યક્રમ વર્ષ –૨૦૧૫–૧૬ નાં વર્ષમાં રસ્તા, પાણીપુરવઠા, શિક્ષણ, આરોગ્ય, ગંદાવસવાટની વાતાવરણલક્ષી સુધારણા હેઠળ રૂા.૨૫.૦૦ લાખના કામોનું આયોજન કરવાની જરૂરીયાત હોવાથી સદર કામોનું આયોજન કરવા માટે નગરપાલિકા હદ વિસ્તારોમાં નીચે જણાવ્યા પ્રમાણેનાં કામોનું આયોજન કરી, જરૂરી દરખાસ્ત કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | કામનું નામ. | એસ્ટી.રકમ. |
|---|---|---|
| ૧. | વોર્ડ નં.–૯ રેલ્વે સ્ટેશન (પુર્વ) થી પોલીસ હેડકવાર્ટર ગેટ સુધી મુખ્ય રસ્તો કારપેટ, સીલકોટ કરવાનું કામ.જ.બો.ઠ.નં.૫૬૨/૨૦–૧૦–૧૪. | રૂા.૧૬,૫૦,૦૦૦/– |
| ૨. | વારિગૃહ હેડવર્કસ ખાતે રો વોટર ૫ર પંપ ખરીદીનું કામ. | રૂા.૮,૯૫,૨૦૦/– |
| | કુલ રૂા... | ૨૫,૪૫,૨૦૦/– |

સ.મ.મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૬૦૦/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

### કામ નં.૩૮.:

કા.ક.ઠ.નં.૨૮૭/તા.:૧૭–૧–૨૦૧૫થી ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકાના ઈજનેરશ્રી પ્રવિણચંદ્ર આર. ઠાકોર સામે નિયમોનુસાર શિસ્તવિષયક પગલા લેવા બાબતે ચીફ ઓફીસરશ્રીના આવેલ રીપોર્ટવાળુ કામ અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
ટેકો આપનાર.:શ્રી આશીષભાઈ દેસાઈ.

ઠરાવ.:–

કા.ક.ઠ.નં.૨૮૭/તા.:૧૭–૧–૨૦૧૫ તથા ચીફ ઓફીસરશ્રીના આવેલ રીપોર્ટ વંચાણે લેતાં, ઈજનેરશ્રી પ્રવિણભાઈ. આર. ઠાકોરને અત્રેની કચેરીના વ.જા.નં. –૧૩૦૭ / તા.:૧૬–૧૦–૧૪ ના રોજ પત્ર પાઠવી ડ્રેનેજ ઈજનેરના વધારાના ચાર્જનો હવાલો પાઠવેલ તેમજ હાલની કામગીરી અંગેનો રીપોર્ટ દિન–૧૦ માં રજુ કરવા જણાવેલ હતું. તે અગાઉ તેઓશ્રીને વ.જા.નં. ૫૬૯ / તા.૨૬–૬–૨૦૧૩ તેમજ જા.નં.–૪૮૮ / તા.:૧૮–૬–૨૦૧૪ ના રોજથી ડ્રેનેજ શાખાના ઈજનેરશ્રી મુકેશભાઈ પટેલ કે જેઓ હાલે માંદગીના કારણે રજા પર હોય, તેઓની રજા દરમ્યાનની કામગીરી માટે તેઓને ઉપરોકત જાવક નંબરોથી ડ્રેનેજ ઈજનેરશ્રીની જગ્યાનો વધારાનો ચાર્જનો હવાલો સોંપવામાં આવેલ હતો. જે ચાર્જ સંભાળ્યા બદલ કોઈપણ જાણનો રીપોર્ટ અત્રે રજુ કરેલ નથી. તેમજ તેઓ ધ્વારા હાલમાં કંઈ કામગીરી કરવામાં આવે છે. જે સંબંધીત રીપોર્ટ પણ રજુ કરેલ નથી. ઉપરોકત બાબતો સાથે તેઓ ફરજ પર અનિયમિત હોવા અંગેનું માલમ પડેલ છે, જે અંગેનો લેખીત ખુલાસો પણ તેઓ તરફથી રજુ કરેલ નથી.

હાલમાં નગરપાલિકામાં ઈજનેરો તથા અન્ય સ્ટાફની ઘટ હોઈ અને વિકાસના કામો તથા અન્ય કામગીરીનું ભારણ હોઈ તેવા સંજોગોમાં શ્રી પ્રવિણભાઈ આર. ઠાકોર હાલમાં કોઈપણ પ્રકારની કામગીરી બજાવતા નથી તેમજ તેઓની બદલી જગાએ પણ હાજર થતાં નથી તે વ્યાજબી નથી તેઓને આ બાબતે નોટીસો વખતોવખત આપવામાં આવેલ છે. જેનો પણ કોઈ ખુલાસો કરેલ નથી. તથા તેઓને તા.:૧૭/૧/૨૦૧૫ ના રોજ મળેલ કારોબારી સમીતીની મીટીંગમાં રૂબરૂ સાંભળવા માટે બોલાવતાં, તેઓ તરફથી કોઈ હકારાત્મક જવાબ મળેલ નથી અને તેઓની બદલીપાત્ર જગ્યાએ હાજર થવા માટે ના પાડેલ છે. ઉપરોકત હકીકતો ધ્યાને લઈ કારોબારી કમીટીની ભલામણ મુજબ માં ચર્ચા–વિચારણાના અંતે ,ઈજનેરશ્રી પ્રવિણભાઈ આર. ઠાકોર વિરુધ્ધ નિયમોનુસાર શિસ્તવિષયક પગલાં લેવા તેમજ તેઓને ગેરલાયક ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૬૦૧/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

### કામ નં.૩૯.:

ઈજનેરશ્રીના રીપોર્ટમા જણાવ્યા મુજબ માર્ગ અને મકાન વિભાગને છીપવાડ રેલ્વે નાળાનો વાઈડીગ કામ અંગેનો ઠરાવ કરી મોકલવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત....

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
ટેકો આપનાર.:શ્રી પ્રવિણભાઈ પી. ભાનુશાલી.

ઠરાવ.:

વલસાડ નગરપાલિકા વિસ્તારમા છીપવાડ જકાતનાકા પાસે ગુંદલાવ– ખેરગામ– તથાકુડી ફાટક , વલસાડ શહેર, અતુલ જંકશન, રાજય ધોરીમાર્ગ નં.૬, પાસે આવેલ ગરનાળુ – પુલ – બ્રીજની પહોળાઈ વધારવા અંગે તા.: ૩૦–૧૦–૨૦૧૪ના રોજ શ્રી કૈલાસનાથ પાન્ડેની આવેલ અરજી તેમજ લોક દરબારમા ચર્ચાયેલ મુદ્દાને ઘ્યાનમા લઈ ,સદર ગરનાળાને પહોળો કરવા માટે રજુઆતો થતી આવેલ છે. સદર ગરનાળુનો અંડરબ્રીજ દાયકાઓ અગાઉ બનાવેલો હોય વર્તમાન સમયમા વસ્તી અને વિકાસની દ્રષ્ટિએ સદર રસ્તાપર અવર જવર વધતા ટ્રાફીકને મુશ્કેલી થાય છે અનેજે પુલ ઘણોજ સાંકડો પડે છે.સદર પુલને પહોળો કરવા માટે માર્ગ અને મકાન વિભાગ તેમજ રેલ્વે બોર્ડને જાણકરવા તેમજ સત્વરે સદર નાળાની પહોળાઈ વધારવા ભલામણકરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

---

## કામ નં.૪૦.:

ઈજનેરશ્રીના રીપોર્ટમા જણાવ્યા મુજબ રેલ્વે નાળા ૩૨૯ અને ૩૩૦ છીપવાડ અને મોગરાવાડી પહોળા કરવા અંગે સબંધીત વિભાગને ઠરાવ કરી મોકલવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત....

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિનભાઈ પી.શાહ.
ટેકો આપનાર.:શ્રી પ્રવિણભાઈ પી. ભાનુશાલી.

ઠરાવ.:

વલસાડ નગરપાલિકા વિસ્તારમા મોગરાવાડી તેમજ વલસાડ પારડી રેલ્વે ગરનાળા નં.૩૨૯ અને ૩૩૦ આવેલ છે. સદર આવેલ ગરનાળુ – પુલ – બ્રીજની પહોળાઈ વધારવા અંગે તા.: ૧૩–૧૦–૨૦૧૪ના રોજ શ્રી કૈલાસનાથ પાન્ડેની આવેલ અરજી તેમજ લોક દરબારમા ચર્ચાયેલ મુદ્દાને ઘ્યાનમા લઈ ,સદર ગરનાળાને પહોળો કરવા માટે રજુઆતો થતી આવેલ છે. સદર ગરનાળુનો અંડરબ્રીજ દાયકાઓ અગાઉ બનાવેલો હોય વર્તમાન સમયમા વસ્તી અને વિકાસની દ્રષ્ટિએ સદર રસ્તાપર અવર જવર વધતા અને પુલ ઘણોજ સાંકડો પડે છે. જેથી ટ્રાફીકને મુશ્કેલી થાય છે .સદર પુલને પહોળો કરવા માટે મુંબઈ સેન્ટ્રલ ડીવીઝન વેસ્ટન રેલ્વે બોર્ડને જાણકરવા તેમજ સત્વરે સદર નાળાની પહોળાઈ વધારવા ભલામણકરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૬૦૩/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

## કામ નં.૪૧.:

ગુજરાત નગરપાલિકા અધિનિયમ –૧૯૬૩ની કલમ–૫૧(૩) હેઠળ સભ્યશ્રી મહેબુબ ઉર્ફે ઝાકીર ગુલશેરખાન પઠાણે રજુ કરેલ દરખાસ્ત અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દરખાસ્ત મુકનાર.:શ્રી મહેબુબ ગુલશેરખાન પઠાણ
ટેકો આપનાર.:શ્રી મનોજભાઈ પરમાર.

ઠરાવ.:

રેલ્વે સ્ટેશન( પુર્વ ) થી પોલીસ હેડકવાટર થઈ નેશનલ હાઈવે નં.૮ના માર્ગનુ નામ હાલે રાખવામા આવેલ નથી. સદર હુ રસ્તાનુ નામ " ડૉ. ભીમરાવ બાબાસાહેબ આંબડેકર " નામકરણ કરવાનુ ચર્ચા – વિચારણા અંતે મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

સ.મ.મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૬૦૪/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

**<u>વ.કા. નં.–૧</u>**

વિષય :- 'ભારત રત્ન' શ્રી મોરારજી દેસાઇ માર્ગ નામ કરણ અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

–પ્રમુખ સ્થાનેથી રજુ..

**<u>ઠરાવ.:–</u>**

પ્રમુખશ્રી સોનલબેન સોલંકી (જૈન) દરખાસ્ત રજુ કરતા જણાવ્યુ કે 'ભારત રત્ન' શ્રી મોરારજી દેસાઇ વલસાડના પનોતા પુત્ર અને ભારત દેશના અનન્ય પ્રતિભા ધરાવતા નિતીમાન એવા વડા પ્રધાન તરીકેની ખ્યાતનામ કારકીર્દી હાંસલ કરનાર મહાન વિભૂતી ને 'ભારત રત્ન' અને 'નિશાને પાકીસ્તાન' જેવા ખ્યાતનામ અવોર્ડ પ્રાપ્ત કરનાર વ્યકિતના માનમાં આઝાદ ચોકથી આવાબાઇ સ્કુલ થઇ સર્કીટ હાઉસ થઇ હાલર જકાત નાકા સુધીના માર્ગને 'ભારત રત્ન શ્રી મોરારજી દેસાઇ માર્ગ' નામ કરણ કરવાનું ઠરાવવામા આવે છે.

મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૬૦૫/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

**વ.કા. નં.–૨**
**વિષય :-** દસ્તાવેજી પુરાવા વગરની અરજીઓ બાબતે નિર્ણય થવા બાબત

–પ્રમુખ સ્થાનેથી રજુ..

**ઠરાવ.:–**

દસ્તાવેજી પુરાવા વગરની અરજીઓ બાબતે નિર્ણય થવા માટે ચર્ચા વિચારણાને અંતે વલસાડ નગરપાલિકામાં આવતી અરજદારોની અરજીઓમાં અમુક વ્યકિતઓ દ્વારા કોઇ પણ પ્રકારના દસ્તાવેજી પુરાવાઓ વગર કોઇક વ્યકિતઓને ટારગેટ બનાવી અથવા લોકપ્રતિનીધીઓને ઉદ્દેશીને કરવામાં આવતા આક્ષેપો પાયા વિહોણા હોય છે. જેથી નગરપાલિકાને સ્થાનીક વિકાસના કામો ને અવરોધ ઉભા કરનારા,નુકશાનપહોચાડનારા હોય છે. જેથી આવી અરજી પરત્વે નગરપાલિકા એ લક્ષ ન આપવા  અથવા આવી અરજીઓને ફાઇલે કરવા/ રદ બાતલ ગણવા નું ઠરાવાવમાં આવે છે.

મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૬૦૬/તા.:૩૦/૦૧/૨૦૧૫.

વ.કા. નં.–૩.:

વિષયઃ–કા.સ.ઠ.નં.૩૧૪/તા.:૧૭–૦૧–૨૦૧૫ની ભલામણ મુજબ વોર્ડ નં.–૫ નાં શાપુરનગરમાં ગોપાલ ભંગારવાળાની દુકાન થી વડ ચોક જલારામ બાપાના મંદિર સુધી અને મસ્જીદ પાસેથી ગફારભાઈ કડીયાના ઘર સુધી, ૮૦એમ.એમ.ડાયાની ની પાણીની પાઈપલાઈન નાંખવાની જરૂરીયાત હોઈ, જે અંગેના કામનું આવેલ એસ્ટીમેઈટ ખર્ચ રૂા.૧,૫૭,૦૦૦/– પુરા મંજુર કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:–

કા.સ.ઠ.નં.૩૧૪/તા.:૧૭–૦૧–૨૦૧૫ની ભલામણ મુજબ વોર્ડ નં.–૫નાં શાપુરનગરમાં ગોપાલ ભંગારવાળાની દુકાન થી વડ ચોક જલારામ બાપાના મંદિર સુધી અને મસ્જીદ પાસેથી ગફારભાઈ કડીયાના ઘર સુધી, પાણીના પ્રેસરની ખૂબજ ફરીયાદ આવતા, સ્થળ તપાસ કરતા સદર જગ્યાએ લાઈનમાં કેપીસીટી કરતા વધારે કનેકશન આપવામાં આવેલ હોય, લાઈનમાં પ્રેસર ઓછુ હોય, સદર સમસ્યાનું નિવારણ કરવા ૮૦એમ.એમ.ડાયાની નવી પાણીની પાઈપલાઈન નાંખવાની જરૂર હોય,નીચે મુજબનો માલસામાન ખરીદ કરવાની જરૂરીયાત છે.

| ક્રમ નં. | વિગત. | મંજુર થયેલ ભાવ | ખરીદવા પાત્ર જથ્થો. |
|---|---|---|---|
| ૧. | ૮૦ એમએમ જી.આઈ.પાઈપએશીયન સી કલાસ | ૭૬૮/– ૧ મીટરના | ૧૩૮મીટર. |
| ૨. | ૮૦ એમએમ જી.આઈ કપલીન | ૧૯૦/–૧ નંગના | ૨૫–નંગ |
| ૩. | ૮૦ એમ એમ સી.આઈ.પ્લગ | ૯૪/– ૧ નંગના | ૩–નંગ |

ઉપરોકત સામાન વર્ષ ૨૦૧૪–૧૫ ના વાર્ષિક મંજુર થયેલ ભાવે ખરીદ કરવા અંદાજીત ખર્ચ રૂા.૧,૧૨,૦૦૦/– થવા જાય છે. અને સદર પાઈપલાઈન નાંખવાની મજુરી ખર્ચ રૂા.૪૫,૦૦૦/– થાય છે. એમ કુલ ખર્ચ રૂા.૧,૫૭,૦૦૦/– જેટલો થાય છે. જે મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૬૦૭/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

**વ.કા. નં.–૪.:**

વિષયઃ– કા.સ.ઠ.નં.–૩૧૫ /તા.:૧૭–૦૧–૨૦૧૫ની ભલામણ મુજબ વર્ગ–૩ તથા વર્ગ–૪ ફીકસ પગારથી કામ કરતા રોજીંદા કર્મચારીઓના પગારમાં વધારો કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:–

કા.સ.ઠ.નં.–૩૧૫ /તા.:૧૭–૦૧–૨૦૧૫ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા વલસાડના વિવિધ શાખામાં ફીકસ પગારથી હંગામી / રોજીંદા કર્મચારીઓ ફરજ બજાવે છે. આ કર્મચારીઓને અગાઉ નાણાં વિભાગનાં ઠરાવ ક્રમાંકઃ ખરચ / ૨૦૦૨ / ૫૭ / પાર્ટ – ૨ / ઝ –૧ / તા.:૦૬/૧૦/૨૦૧૧ થી થયેલ સુધારા મુજબના હુકમ મુજબનો પગારનો લાભ આપવામાં આવતો હતો અને આ લાભ જનરલ બોર્ડ ઠરાવ નં.૧૭ / તા.:૧૭/૧૧ /૨૦૧૧ થી અમલ કરેલ છે.આ હુકમમાં નાણાં વિભાગના સંદર્ભ હેઠળના પરીપત્ર ધ્વારા સુધારો કરેલ છે. અને પરીપત્રમાં જણાવ્યા મુજબનો સુધારેલ ફીકસ પગારનો અમલ તા.:૧/૧૦/૨૦૧૪ થી કરવાનો થાય છે.જે ધ્યાને લઈ નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : ખરચ / ૨૦૦૨ / ૫૭ / (પાર્ટ – ૨) ઝ –૧ / તા.:૨૦/૧૦/ ૨૦૧૪ ના પરીપત્ર વંચાણે લઈ, વર્ગ–૩ અને વર્ગ–૪ ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણુંકોનો ફીકસ પગાર સુધારવા અંગેની નિયમોનુસાર જરૂરી કાર્યવાહી કરી, મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૬૦૮/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

<u>વ.કા. નં.–૫.:</u>
<u>વિષય:–</u> કા.સ.ઠ.નં.–૩૧૬ /તા.:૧૭–૦૧–૨૦૧૫ની ભલામણ મુજબ નવા કોમ્પ્યુટર નંગ–૨(બે) સર્વર સાથે ખરીદવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

<u>ઠરાવ.:–</u>

કા.સ.ઠ.નં.–૩૧૬ /તા.:૧૭–૦૧–૨૦૧૫ની ભલામણ મુજબ મે. નાયબ મુખ્ય રજીસ્ટ્રાર ( જન્મ–મરણ ) અને અધિક નિયામક ( આંકડા ) ગાંધીનગરના તા.: ૧૯ / ૧૨ / ૨૦૧૪ના ઈમેઈલ પત્ર અન્વયે, જન્મ – મરણ નોંધણીના ' કોમ્પ્યુટરાઈઝડ ' રજીસ્ટ્રેશન માટે ગુજરાત સિવિલ રજીસ્ટ્રેશન સીસ્ટમ ( GCRS) સોફટવેર તૈયાર કરેલ છે અને આ સોફટવેરથી કોમ્પ્યુટરાઈઝડ પ્રમાણપત્ર આપવાનું તથા તેનું SSO ફોર્મ ભરીને ઈમેઈલ ઘ્વારા નેશનલ ઈન્ફોર્મેટીક સેન્ટર ગુજરાત રાજય ગાંધીનગરને મોકલવાની સુચના આપેલ છે. જે વિદીત થતા આ કામગીરી માટે બે નવા કોમ્પ્યુટર ' ડેલ ' કંપનીના સર્વર સાથે ખરીદવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર  કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૬૦૯/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

વ.કા. નં.–૬.:

વિષયઃ– કા.સ.ઠ.નં.–૩૧૭ /તા.:૧૭–૦૧–૨૦૧૫ની ભલામણ મુજબ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના UDP-56 હેઠળ સ્પોર્ટસ કોમ્પલેક્ષની સીવીલ વર્કની કામગીરી ઠેકેદારશ્રી રાધિકા કન્સ્ટ્રકશન વડોદરાને સોંપવામાં આવેલ છે.સદરહું સ્થળે વધારાની કામગીરી કરવા અંગેનો આવેલ " એકસેસ સેવીંગ સ્ટેટમેન્ટ " માં જણાવ્યા મુજબની ટેન્ડરની વધારાની આઈટમો અંગેનો આવેલ એસ્ટીમેઈટ રૂા.૨૪,૨૯,૦૪૩/– પુરા મંજુર કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:–

કા.સ.ઠ.નં.–૩૧૭ /તા.:૧૭–૦૧–૨૦૧૫ની ભલામણ મુજબ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના UDP-56 હેઠળ, સ્પોર્ટસ કોમ્પલેક્ષની સીવીલ વર્કની કામગીરી ઠેકેદારશ્રી રાધિકા કન્સ્ટ્રકશન વડોદરાને સોંપવામાં આવેલ છે. સદર સાઈટ ઉપર મે. કલેકટર સાહેબે વીઝીટ કરેલ સદર વીઝીટ દરમ્યાન તેમના ધ્વારા મળેલ સુચના મુજબ વધારાની કામગીરી કરવાનું જણાવેલ છે જે અન્વયે નિમણુંક કરવામાં આવેલ કન્સ્લટન્ટ, આર્કીટેક ધ્વારા સદરહું સ્થળે વધારાની કામગીરી કરવા અંગેનો આવેલ " એકસેસ સેવીંગ સ્ટેટમેન્ટ " માં જણાવ્યા મુજબની ટેન્ડરની વધારાની કામગીરી કરવી ખુબ જ જરૂરી હોય આવેલ એસ્ટીમેઈટ રૂા.૨૪,૨૯,૦૪૩/– પુરા મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૬૧૦/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

**વ.કા. નં.–૭.:**

**વિષયઃ–**

કા.સ.ઠ.નં.–૩૧૮ /તા.:૧૭–૦૧–૨૦૧૫ની ભલામણ મુજબ વારીગૃહ શાખા મારફતે જાહેર જનતા તરફથી પીવાના પાણીના નવા જોડાણો તથા રીકનેકશન મેળવવા માટેના ચાર્જીસમાં વધારો કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

**ઠરાવ.:–**

કા.સ.ઠ.નં.–૩૧૮ /તા.:૧૭–૦૧–૨૦૧૫ની ભલામણ મુજબ વારીગૃહ શાખામાં જાહેર જનતા તરફથી પીવાના પાણીના નવા જોડાણો તથા રીકનેકશન મેળવવા માટે નિયત નમુનામાં આવતી અરજીઓ મુજબ હાલ નીચે જણાવ્યા મુજબ ચાર્જ વસુલ લેવામાં આવે છે.

| **અ.નં.** | **વિગત.** | હાલ વસુલવામાં આવતો ચાર્જ | **સુચીત વધારો** |
|---|---|---|---|
| **૧** | **૦ાા ડાયાના ઘર વપરાશ માટે (એક કનેકશનના )** | **ફેરૂલ ચાર્જ–૩૦૦.૦૦** | **ફેરૂલ ચાર્જ–૩૦૦.૦૦** |
| | | **મજુરી ચાર્જ–૨૦૦.૦૦** | **મજુરી ચાર્જ–૫૦૦.૦૦** |
| | | **રસ્તા દુરસ્તી ફી–૩૦૦.૦૦** | **રસ્તા દુરસ્તી ફી–૪૦૦.૦૦** |
| | | **કુલ રૂા.–૮૦૦.૦૦** | **કુલ રૂા.–૧૨૦૦.૦૦** |
| **૨** | **૦ાા ડાયાના વાણિજય વપરાશ માટે (એક કનેકશનના )** | **ફેરૂલ ચાર્જ–૩૦૦.૦૦** | **ફેરૂલ ચાર્જ–૩૦૦.૦૦** |
| | | **મજુરી ચાર્જ–૨૦૦.૦૦** | **મજુરી ચાર્જ–૫૦૦.૦૦** |
| | | **રસ્તા દુરસ્તી ફી–૫૦૦.૦૦** | **રસ્તા દુરસ્તી ફી–૭૦૦.૦૦** |
| | | **કુલ રૂા.–૧૦૦૦.૦૦** | **કુલ રૂા.–૧૫૦૦.૦૦** |
| **૩** | **૦ાા ડાયાના ઔધોગીક વપરાશ માટે (એક કનેકશનના )** | **ફેરૂલ ચાર્જ–૩૦૦.૦૦** | **ફેરૂલ ચાર્જ–૩૦૦.૦૦** |
| | | **મજુરી ચાર્જ–૨૦૦.૦૦** | **મજુરી ચાર્જ–૫૦૦.૦૦** |
| | | **રસ્તા દુરસ્તી ફી–૫૦૦.૦૦** | **રસ્તા દુરસ્તી ફી–૭૦૦.૦૦** |
| | | **કુલ રૂા.–૧૦૦૦.૦૦** | **કુલ રૂા.–૧૫૦૦.૦૦** |
| **૪** | **રીકનેકશન ઘર વપરાશ માટે (એક કનેકશનના )** | **ફેરૂલ ચાર્જ–૩૦૦.૦૦** | **ફેરૂલ ચાર્જ–૩૦૦.૦૦** |
| | | **મજુરી ચાર્જ–૨૦૦.૦૦** | **મજુરી ચાર્જ–૫૦૦.૦૦** |
| | | **રસ્તા દુરસ્તી ફી–૪૦૦.૦૦** | **રસ્તા દુરસ્તી ફી–૬૦૦.૦૦** |
| | | **કુલ રૂા.–૯૦૦.૦૦** | **કુલ રૂા.–૧૪૦૦.૦૦** |
| **૫** | **રીકનેકશન વાણિજય વપરાશ માટે** | **ફેરૂલ ચાર્જ–૩૦૦.૦૦** | **ફેરૂલ ચાર્જ–૩૦૦.૦૦** |

| | | | |
|---|---|---|---|
| | **(એક કનેકશનના )** | | |
| | | **મજુરી ચાર્જ–૨૦૦.૦૦** | **મજુરી ચાર્જ–૫૦૦.૦૦** |
| | | **રસ્તા દુરસ્તી ફી–૬૦૦.૦૦** | **રસ્તા દુરસ્તી ફી–૮૦૦.૦૦** |
| | | **કુલ રૂા.–૧૧૦૦.૦૦** | **કુલ રૂા.–૧૬૦૦.૦૦** |

ઉપરોકત બાબતે લેવામાં આવતાં ચાર્જીસ અંગે જણાવવાનું કે હાલ એક કનેકશન આપવા માટે ઓછામાં ઓછા બે કામદારો સદર કામે રોકવામાં આવે છે. તેઓ ડામર રોડ તોડયા પછી દિન એકમાં એક કનેકશન આપી શકે એમ હોય, સદર બે કર્મચારીઓનો એક દિવસનો પગાર અંદાજીત કુલ રૂા.૬૦૦.૦૦ થાય છે. અને ડામર રોડ તૂટવાથી તેનો મેન્ટેનન્સ ખર્ચ ખૂબજ આવતો હોય જેથી સદર મજુરી ખર્ચ તથા રસ્તા ખોદાણ ફીમાં સુચવેલ સુચીત વધારો કરવાની ખૂબજ જરૂર છ. જેથી નગરપાલિકાને આર્થિક બોજમાં ઘટાડો થઈ શકે.જે હકીકતો ધ્યાને લઈ, ચર્ચા –વિચારણાને અંતે નકકી કરવામાં આવ્યું કે, સદરહુ ઉપરોકત આવેલ કામે જરૂરી કાર્યવાહી કરી, સુચીત વધારો કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૬૧૧/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

**<u>વ.કા. નં.–૮</u>**

**<u>વિષયઃ–</u>**

કા.સ.ઠ.નં.–૩૧૯ /તા.:૧૭–૦૧–૨૦૧૫ની ભલામણ મુજબ ડ્રેનેજ કનેકશન ચાર્જ તથા રસ્તા ખોદાણના ચાજીસમાં વધારો કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

**<u>ઠરાવ.:–</u>**

કા.સ.ઠ.નં.–૩૧૯ /તા.:૧૭–૦૧–૨૦૧૫ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાના હદ વિસ્તારમાં ડ્રેનેજ કનેકશન ચાર્જ તથા રસ્તા ખોદાણના ચાર્જ હાલ નીચે જણાવ્યા મુજબ ચાર્જ વસુલ લેવામાં આવે છે.

| અ.નં. | વિગત. | હાલનો દર. | સુચીત દર. |
|---|---|---|---|
| ૧ | **કનેકશન ડ્રેનેજ ચાર્જ.**<br>**રહેઠાણ,દુકાન, ઓફીસ, વાડી,જમાતખાના, ધોબીઘાટ, રોરૂ બેંક,ટ્રાન્સપોર્ટ કંપની, સ્કુલ કોલેજ,કોમ્યુનીટી હોલ, હોટલ, રેસ્ટોરન્ટ, ગેસ્ટ હાઉસ, ટોકીઝ, એલ.આઈ.સી. સરકારી ઓફીસ,જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત, સરકીટ હાઉસ,** | રૂા. ૧૫૦–૦૦ | રૂા.૫૦૦–૦૦ |
| ૨ | **હાલે કાચા રસ્તા ખોદાણ રનીંગ ફુટ..** | રૂા.૧૦૦–૦૦ | રૂા.૨૦૦–૦૦ |
| ૩ | **હાલે પાકા રસ્તા ખોદાણ રનીંગ ફુટ..** | રૂા.૨૦૦–૦૦ | રૂા.૪૦૦–૦૦ |

ઉપરોકત બાબતે લેવામાં આવતાં કનેકશન ડ્રેનેજ ચાર્જ તેમજ રસ્તા ખોદાણ ફીમાં હાલનો દર જોતાં , સુચવેલ સુચીત વધારો કરવાની ખૂબજ જરૂર છે. જેથી નગરપાલિકાને આર્થિક બોજમાં ઘટાડો થઈ શકે.જે હકીકતો ઘ્યાને લઈ, ઉપરોકત જણાવેલ સુચીત દર વધારો કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૬૧૨/તા.:30/૦૧/૨૦૧૫.

---

**વ.કા. નં.–૯.:**

**વિષય:–**

કા.સ.ઠ.નં.–૩૨૧/તા.:૧૭–૦૧–૨૦૧૫ની ભલામણ મુજબ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુ.ડી.પી.–૭૮ (૨૦૧૪–૨૦૧૫) હેઠળ રંગ ઉપવન ઓડીટોરીયમમાં પુશબેક ચેર મુકવાના કામ બાબત.

–પ્રમુખ સ્થાનેથી રજુ.

**ઠરાવ.:–**

કા.સ.ઠ.નં.–૩૨૧/તા.:૧૭–૦૧–૨૦૧૫ની ભલામણ મુજબ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુ.ડી.પી.–૭૮ (૨૦૧૪–૨૦૧૫) હેઠળ રંગ ઉપવન ઓડીટોરીયમમાં પુશબેક ચેર મુકવાના કામનો એસ્ટીમેઈટ જ.બો.ઠ.નં.૫૨૭/તા.૨૦/૧૦/૨૦૧૪ થી મંજુર કરવામા આવે છે. જેથી સદર મંજુર કરવામા આવેલ કામગીરી તાકીદે કરવાની જરૂરીયાત હોવાથી સદર ઓડીટોરીયમ બનાવેલ એજન્સી મેસર્સ પટેલ કિસ્મતરાય ચુનીલાલ, ભાવનગરે તા.૦૨/૦૧/૨૦૧૫ ની આપેલ લેખીત સંમતિ મુજબ નગરપાલિકાને મળેલ તાંત્રિક મંજુરીની રકમ કરતા ૦.૨૯% નીચા ભાવથી કામગીરી કરવાની લેખીત સંમતિ આપેલ છે. સદર આપવામા આવેલ લેખીત સંમતી મુજબ સદર એજન્સીને રંગ ઉપવન ઓડીટોરીયમનું પુશબેક ચેર સપ્લાય કરી ફીટીગ કરવાનું કામ મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૬૧૩/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

**વ.કા. નં.–૧૦.:**

**વિષયઃ–** કા.સ.ઠ.નં.–૩૨૨/તા.:૧૭–૦૧–૨૦૧૫ની ભલામણ મુજબ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુ.ડી.પી.–૭૮ (૨૦૧૪–૨૦૧૫) હેઠળ રંગ ઉપવન ઓડીટોરીયમમાં ઈન્ટીરીયર વર્કના કામ બાબત.

–પ્રમુખ સ્થાનેથી રજુ.

**ઠરાવ.:–**

કા.સ.ઠ.નં.–૩૨૨/તા.:૧૭–૦૧–૨૦૧૫ની ભલામણ મુજબ આ કામ કમીટીમાં રજુ કરતા ઠરાવવામા આવ્યુ કે, સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુ.ડી.પી.–૭૮ (૨૦૧૪–૨૦૧૫) હેઠળ રંગ ઉપવન ઓડીટોરીયમમાં ઈન્ટીરીયર વર્કના કામનો એસ્ટીમેઈટ જ.બો.ઠ.નં.૫૪૯/તા.૨૦/૧૦/૨૦૧૪ થી મંજુર કરવામા આવે છે. જેથી સદર મંજુર કરવામા આવેલ કામગીરી તાકીદે કરવાની જરૂરીયાત હોવાથી સદર ઓડીટોરીયમ બનાવેલ એજન્સી મેસર્સ પટેલ કિસ્મતરાય ચુનીલાલ, ભાવનગરે તા.૦૨/૦૧/૨૦૧૫ ની આપેલ લેખીત સંમતિ મુજબ નગરપાલિકાને મળેલ તાંત્રિક મંજુરીની રકમ કરતા ૦.૨૯% નીચા ભાવથી કામગીરી કરવાની લેખીત સંમતિ આપેલ છે. સદર આપવામા આવેલ લેખીત સંમતી મુજબ સદર એજન્સીને રંગ ઉપવન ઓડીટોરીયમની અંદર ઈન્ટીરીયર વર્ક જેવા કે, સ્ટેજ ઉપર વુડન ફ્લોરીંગ, કર્ટેન, વર્ટીકલ પીલર, ફ્લોરીંગ વિગેરેની કામગીરી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૬૧૪/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

**<u>વ.કા. નં.–૧૧.:</u>**

**<u>વિષય:–</u>**

કા.સ.ઠ.નં.–૩૨૩/તા.:૧૭–૦૧–૨૦૧૫.ની ભલામણ મુજબ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુ.ડી.પી.–૭૮ (૨૦૧૪–૨૦૧૫) હેઠળ રંગ ઉપવન ઓડીટોરીયમમાં સાઉન્ડ સીસ્ટમ તેમજ સ્ટેજ લાઈટીગ વિગેરેનાં કામ બાબત.

–પ્રમુખ સ્થાનેથી રજુ..

**<u>ઠરાવ.:–</u>**

કા.સ.ઠ.નં.–૩૨૩/તા.:૧૭–૦૧–૨૦૧૫.ની ભલામણ મુજબ આ કામ કમીટીમાં રજુ કરતા ઠરાવવામા આવ્યુ કે, સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુ.ડી.પી.–૭૮ (૨૦૧૪–૨૦૧૫) હેઠળ રંગ ઉપવન ઓડીટોરીયમમાં સાઉન્ડ સીસ્ટમ તેમજ સ્ટેજ લાઈટીગ વિગેરેનાં કામનો એસ્ટીમેઈટ જ.બો.ઠ.નં.૫૫૦/તા.૨૦/૧૦/૨૦૧૪ થી મંજુર કરવામા આવે છે. જેથી સદર મંજુર કરવામા આવેલ કામગીરી તાકીદે કરવાની જરૂરીયાત હોવાથી સદર ઓડીટોરીયમ બનાવેલ એજન્સી મેસર્સ પટેલ કિસ્મતરાય ચુનીલાલ, ભાવનગરે તા.૦૨/૦૧/૨૦૧૫ ની આપેલ લેખીત સંમતિ મુજબ નગરપાલિકાને મળેલ તાંત્રિક મંજુરીની રકમ કરતા ૦.૨૯% નીચા ભાવથી કામગીરી કરવાની લેખીત સંમતિ આપેલ છે. સદર આપવામા આવેલ લેખીત સંમતી મુજબ સદર એજન્સીને રંગ ઉપવન ઓડીટોરીયમમાં સાઉન્ડ સીસ્ટમ તેમજ સ્ટેજ લાઈટીગ વિગેરેનાં કામની કામગીરી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૬૧૫/તા.:30/0૧/૨0૧૫.

---

**વ.કા. નં.–૧૨.:.**

**વિષયઃ–**

કા.સ.ઠ.નં.–૩૨૪/તા.:૧૭–૦૧–૨૦૧૫ની ભલામણ મુજબ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુ.ડી.પી.–૭૮ (૨૦૧૪–૨૦૧૫) હેઠળ સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે બેડમીન્ટન કોર્ટ નંગ–૨ બનાવવાના કામ બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ..

**ઠરાવ.:–**

કા.સ.ઠ.નં.–૩૨૪/તા.:૧૭–૦૧–૨૦૧૫ની ભલામણ મુજબ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુ.ડી.પી.–૭૮ (૨૦૧૪–૨૦૧૫) હેઠળ સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે બેડમીન્ટન કોર્ટ નંગ–૨ બનાવવાના કામનો એસ્ટીમેઈટ જ.બો.ઠ.નં.૫૧૭/તા.૨૦/૧૦/૨૦૧૪ થી મંજુર કરવામા આવે છે. જેથી સદર મંજુર કરવામા આવેલ કામગીરી તાકીદે કરવાની જરૂરીયાત હોવાથી સદર સ્પોર્ટસ કોમ્પલેક્ષની કામગીરી કરેલ તે એજન્સી રાધીકા કન્સ્ટ્રકશન, વડોદરાની તા.૦૨/૦૧/૨૦૧૫ ની આપેલ લેખીત સંમતિ મુજબ નગરપાલિકાને મળેલ તાંત્રિક મંજુરીની રકમ કરતા ૦.૧૧% નીચા ભાવથી કામગીરી કરવાની લેખીત સંમતિ આપેલ છે. સદર આપવામા આવેલ લેખીત સંમતી મુજબ સદર એજન્સીને સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે બેડમીન્ટન કોર્ટ નંગ–૨ બનાવવાના કામની કામગીરી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૬૧૬/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

**વ.કા. નં.–૧૩.:**

**વિષયઃ–**

કા.સ.ઠ.નં.–૩૨૫/તા.:૧૭–૦૧–૨૦૧૫ની ભલામણ મુજબ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુ. ડી. પી. – ૭૮( ૨૦૧૪–૨૦૧૫)હેઠળ સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે લોંગ ટેનીસ કોર્ટ, મલ્ટીપર્પઝ હોલમાં ફલોરીંગ વિગેરેની કામગીરી કરવાના કામ બાબત.

–પ્રમુખ સ્થાનેથી રજુ..

**ઠરાવ.:–**

કા.સ.ઠ.નં.–૩૨૫/તા.:૧૭–૦૧–૨૦૧૫ની ભલામણ મુજબ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુ.ડી.પી.–૭૮ (૨૦૧૪–૨૦૧૫) હેઠળ સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે લોંગ ટેનીસ કોર્ટ, મલ્ટીપર્પઝ હોલમાં ફલોરીંગ વિગેરેની કામગીરી કરવાના કામનો એસ્ટીમેઈટ જ.બો.ઠ.નં. ૫૨૬/તા.૨૦/૧૦/૨૦૧૪ થી મંજુર કરવામા આવે છે. જેથી સદર મંજુર કરવામા આવેલ કામગીરી તાકીદે કરવાની જરૂરીયાત હોવાથી સદર સ્પોર્ટસ કોમ્પલેક્ષની કામગીરી કરેલ તે એજન્સી રાધીકા કન્સ્ટ્રકશન, વડોદરાની તા.૦૨/૦૧/૨૦૧૫ ની આપેલ લેખીત સંમતિ મુજબ નગરપાલિકાને મળેલ તાંત્રિક મંજુરીની રકમ કરતા ૦.૧૧% નીચા ભાવથી કામગીરી કરવાની લેખીત સંમતિ આપેલ છે. સદર આપવામા આવેલ લેખીત સંમતી મુજબ સદર એજન્સીને સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે લોંગ ટેનીસ કોર્ટ, મલ્ટીપર્પઝ હોલમાં ફલોરીંગ વિગેરેની કામગીરી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૬૧૭/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

**<u>વ.કા. નં.–૧૪.:</u>**
**<u>વિષયઃ–</u>**

કા.સ.ઠ.નં.–૩૨૬/તા.:૧૭–૦૧–૨૦૧૫.ની ભલામણ મુજબ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુ. ડી. પી.– ૭૮ (૨૦૧૪– ૨૦૧૫) હેઠળ સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે માટી પુરાણ, વોક–વે એરીયા, લેન્ડ સ્કેપ ગાર્ડન એરીયા વિગેરેની કામગીરી કરવાના કામ બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ..

**<u>ઠરાવ.:–</u>**

કા.સ.ઠ.નં.–૩૨૬/તા.:૧૭–૦૧–૨૦૧૫.ની ભલામણ મુજબ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુ.ડી.પી.–૭૮ (૨૦૧૪–૨૦૧૫) હેઠળ સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે માટી પુરાણ, વોક–વે એરીયા, લેન્ડ સ્કેપ ગાર્ડન એરીયા વિગેરેની કામગીરી કરવાના કામનો એસ્ટીમેઈટ જ.બો.ઠ.નં. ૫૨૫/તા.૨૦/૧૦/૨૦૧૪ થી મંજુર કરવામા આવે છે. જેથી સદર મંજુર કરવામા આવેલ કામગીરી તાકીદે કરવાની જરૂરીયાત હોવાથી સદર સ્પોર્ટસ કોમ્પલેક્ષની કામગીરી કરેલ તે એજન્સી રાધીકા કન્સ્ટ્રકશન, વડોદરાની તા.૦૨/૦૧/૨૦૧૫ ની આપેલ લેખીત સંમતિ મુજબ નગરપાલિકાને મળેલ તાંત્રિક મંજુરીની રકમ કરતા ૦.૧૧% નીચા ભાવથી કામગીરી કરવાની લેખીત સંમતિ આપેલ છે. સદર આપવામા આવેલ લેખીત સંમતી મુજબ સદર એજન્સીને સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે માટી પુરાણ, વોક–વે એરીયા, લેન્ડ સ્કેપ ગાર્ડન એરીયા વિગેરેની કામગીરી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૬૧૮/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

**<u>વ.કા. નં.–૧૫.:</u>**

**<u>વિષયઃ–</u>** કા.સ.ઠ.નં.–૩૨૭/તા.:૧૭–૦૧–૨૦૧૫નીભલામણ મુજબ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુ.ડી.પી.–૭૮ (૨૦૧૪–૨૦૧૫) હેઠળ રંગ ઉપવન ઓડીટોરીયમમાં એકોસ્ટીક સાઉન્ડ પ્રુફ સીસ્ટમ, વુડન સ્લેટ વિગેરેની કામગીરી કરવાના કામ બાબત.

–પ્રમુખ સ્થાનેથી રજુ..

**<u>ઠરાવ.:–</u>**

કા.સ.ઠ.નં.–૩૨૭/તા.:૧૭–૦૧–૨૦૧૫નીભલામણ મુજબ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુ.ડી.પી.–૭૮ (૨૦૧૪–૨૦૧૫) હેઠળ રંગ ઉપવન ઓડીટોરીયમમાં એકોસ્ટીક સાઉન્ડ પ્રુફ સીસ્ટમ, વુડન સ્લેટ વિગેરેની કામગીરી કરવાના કામનો એસ્ટીમેઈટ જ.બો.ઠ.નં. ૫૨૮/તા.૨૦/૧૦/૨૦૧૪ થી મંજુર કરવામા આવે છે. જેથી સદર મંજુર કરવામા આવેલ કામગીરી તાકીદે કરવાની જરૂરીયાત હોવાથી સદર ઓડીટોરીયમ બનાવેલ એજન્સી મેસર્સ પટેલ કિસ્મતરાય ચુનીલાલ, ભાવનગરે તા.૦૨/૦૧/૨૦૧૫ ની આપેલ લેખીત સંમતિ મુજબ નગરપાલિકાને મળેલ તાંત્રિક મંજુરીની રકમ કરતા ૦.૨૯% નીચા ભાવથી કામગીરી કરવાની લેખીત સંમતિ આપેલ છે. સદર આપવામા આવેલ લેખીત સંમતી મુજબ સદર એજન્સીને રંગ ઉપવન ઓડીટોરીયમમાં એકોસ્ટીક સાઉન્ડ પ્રુફ સીસ્ટમ, વુડન સ્લેટ વિગેરેની કામગીરી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૬૧૯/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

**<u>વ.કા. નં.–૧૬.</u>**

**<u>વિષયઃ–</u>** **ડ્રે.ક.**ઠ.નં.–૩૭/તા.ઃ૨૭–૦૧–૨૦૧૫ની ભલામણ મુજબ ઉમર ફળીયા પાછળના ભાગે સભ્યશ્રી નિમિષાબેન ધરવાળા વિસ્તારમાં નવી ડ્રેનેજ લાઈન નાખવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ..

**<u>ઠરાવ.ઃ–</u>**

**ડ્રે.ક.**ઠ.નં.–૩૭/તા.ઃ૨૭–૦૧–૨૦૧૫ની ભલામણ મુજબ વલસાડ શહેરમા આવેલ ઉમર ફળીયા પાછળના ભાગે સભ્યશ્રી નિમિષાબેન ધરવાળા વિસ્તારમાં પાઈપ લાઈન નાંખવામા આવેલ નથી . જેથી આ વિસ્તારમાં ગંદા તથા વપરાશી પાણીનો નિકાલ થતો ન હોવાથી ગંદકી થાય છે.જેના કારણે લોકોની વારંવાર ફરીયાદ આવે છે.આ પરિસ્થિતિ દુર કરવા માટે ઉપરોકત સ્થળે નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાખવાની જરૂરીયાત જણાતા કામનો એસ્ટીમેઈટ બનાવવામા આવતા રૂા.ઃ૧૮,૫૨૫– અંકે રૂપિયા અઢાર હજાર પાચસો પચ્ચીસ પુરાનો આવેલ છે જે અંગેની જરૂરી નિયમોનુસારની કાર્યવાહી કરી મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૬૨૦/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

**<u>વ.કા. નં.–૧૭.</u>**

**<u>વિષયઃ–</u>** **ડ્રે.ક.**ઠ.નં.–૩૮/તા.:૨૭–૦૧–૨૦૧૫ની ભલામણ મુજબ ડોડીયા ટેકરા ગલીના વિસ્તારમા નવી ડ્રેનેજ લાઈન નાખવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ..

**<u>ઠરાવ.:–</u>**

**ડ્રે.ક.**ઠ.નં.–૩૮/તા.:૨૭–૦૧–૨૦૧૫ની ભલામણ મુજબ વલસાડ શહેરમા આવેલ ડોડોંયા ટેકરા ગલીના વિસ્તારમા પાઈપ લાઈન નાંખવામા આવેલ નથી . જેથી આ વિસ્તારમાં ગંદા તથા વપરાશી પાણીનો નિકાલ થતો ન હોવાથી ગંદકી થાય છે.જેના કારણે લોકોની વારંવાર ફરીયાદ આવે છે.આ પરિસ્થિતિ દુર કરવા માટે ઉપરોકત સ્થળે નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાખવાની જરૂરીયાત જણાતા કામનો એસ્ટીમેઈટ બનાવવામા આવતા રૂા.:૭૪,૨૫૦– અંકે રૂપિયા ચુમોતેર હજાર બસો પચાસ પુરાનો આવેલ છે જે અંગેની જરૂરી નિયમોનુસારની કાર્યવાહી કરી મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૬૨૧/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

**<u>વ.કા. નં.–૧૮.</u>**

**<u>વિષયઃ–</u> ડ્રે.ક.**ઠ.નં.–૩૯/તા.:૨૭–૦૧–૨૦૧૫ની ભલામણ મુજબ આંધીયાવાડ અલુબેનના ઘરથી આદિવાસી ઘરવાળા વિસ્તારમા નવી ડ્રેનેજ લાઈન નાખવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ..

**<u>ઠરાવ.:–</u>**

**ડ્રે.ક.**ઠ.નં.–૩૯/તા.:૨૭–૦૧–૨૦૧૫ની ભલામણ મુજબ વલસાડ શહેરમા આવેલ આંધીયાવાડ અલુબેનના ઘરથી આીદવાસી ઘરવાળા વિસ્તારમાં પાઈપ લાઈન નાંખવામા આવેલ નથી .જેથી આ વિસ્તારમાં ગંદા તથા વપરાશી પાણીનો નિકાલ થતો ન હોવાથી ગંદકી થાય છે.જેના કારણે લોકોની વારંવાર ફરીયાદ આવે છે.આ પરિસ્થિતિ દુર કરવા માટે ઉપરોકત સ્થળે નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાખવાની જરૂરીયાત જણાતા કામનો એસ્ટીમેઈટ બનાવવામા આવતા રૂા.:૧,૧૩,૮૦૦– અંકે રૂપિયા એક લાખ તેર હજાર આઠસો પુરાનો આવેલ છે જે અંગેની જરૂરી નિયમોનુસારની કાર્યવાહી કરી મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૬૨૨/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

**<u>વ.કા. નં.–૧૯.</u>**

**<u>વિષયઃ–</u>** **ડ્રે.ક.**ઠ.નં.–૪૦/તા.:૨૭–૦૧–૨૦૧૫ની ભલામણ મુજબ ઉમાબેન ટંડેલના ઘરથી મચ્છી મારકેટ સુધીના વિસ્તારમા નવી ડ્રેનેજ લાઈન નાખવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ..

**<u>ઠરાવ.:–</u>**

**ડ્રે.ક.**ઠ.નં.–૪૦/તા.:૨૭–૦૧–૨૦૧૫ની ભલામણ મુજબ વલસાડ શહેરમા આવેલ ઉમાબેન ટંડેલના ઘરથી મચ્છી મારકેટ સુધીના વિસ્તારમા પાઈપ લાઈન નાંખવામા આવેલ નથી .જેથી આ વિસ્તારમાં ગંદા તથા વપરાશી પાણીનો નિકાલ થતો ન હોવાથી ગંદકી થાય છે.જેના કારણે લોકોની વારંવાર ફરીયાદ આવે છે.આ પરિસ્થિતિ દુર કરવા માટે ઉપરોકત સ્થળે નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાખવાની જરૂરીયાત જણાતા કામનો એસ્ટીમેઈટ બનાવવામા આવતા રૂા.:૬૬,૮૧૦– અંકે રૂપિયા છાંસઠ હજાર આઠસો દશ પુરાનો આવેલ છે જે અંગેની જરૂરી નિયમોનુસારની કાર્યવાહી કરી મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૬૨૩/તા.:૩૦/૦૧/૨૦૧૫.

---

**<u>વ.કા. નં.–૨૦.</u>**

**<u>વિષયઃ–</u>** ઈજનેરશ્રીના રીપોર્ટમાં જણાવ્યા મુજબ વોર્ડ નં. ૮ તથા ૯ અબ્રામા, મોગરાવાડી વિસ્તારમાં જી.યુ.ડી.સી. ગ્રાન્ટ હેઠળ સદર વિસ્તારમાં ડ્રેનેજ લાઈન નાંખતા નુકશાન થયેલ રસ્તાઓ પર પેવર બ્લોક નાંખવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

–પ્રમુખ સ્થાનેથી રજુ..

**<u>ઠરાવ.:–</u>**

ઈજનેરશ્રીના રીપોર્ટમાં જણાવ્યા મુજબ વોર્ડ નં. ૮ તથા ૯ અબ્રામા, મોગરાવાડી વિસ્તારમાં જી.યુ.ડી.સી. ગ્રાન્ટ હેઠળ સદર વિસ્તારમાં ડ્રેનેજ લાઈન નાંખતા નુકશાન થયેલ રસ્તાઓ પર પેવર બ્લોક નાંખવા આવશ્યક હોય, જરૂરીયાતને ધ્યાનમાં લઈ સદર કામ અંગેના આવેલ એસ્ટીમેઈટ રૂા.૩૪,૮૫,૮૦૦/– અંકે ચોત્રીસ લાખ,પંચ્યાસી હજાર પુરા મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (૧) | મોટા તળાવ પાસેની જુદી જુદી ગલીઓ | રૂા. ૧૧,૬૪,૭૨૦/– |
| (૨) | લતાબેનની ગલી અને આજુબાજુની ગલીઓ | રૂા. ૮,૭૩,૫૪૦/– |
| (૩) | તબેલાથી દેસાઈવાડ થઈ શાંતીનગર રસ્તા સુધી | રૂા. ૮,૦૮,૦૩૦/– |
| (૪) | મોતીવાડી વિસ્તારમાં | <u>રૂા. ૬,૩૯,૫૧૦/–</u> |
| | **કુલ....** | **રૂા. ૩૪,૮૫,૮૦૦/–** |

મંજુર.....

કા.સ.ઠ.નં.–૩૨૦ /તા.:૧૭–૦૧–૨૦૧૫.

---

<u>વ.કા. નં.–૩૨</u>

<u>વિષયઃ–</u> નામદાર સરકારશ્રીની સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ જનભાગીદારીથી ખાનગી સોસાયટીમાં પેવર બ્લોક બેસાડવાના કામ બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ કરતા ઠરાવવામા આવ્યુ કે, નામદાર સરકારશ્રીની સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ જનભાગીદારીથી ખાનગી સોસાયટીમાં પેવર બ્લોક બેસાડવાના કામે સરકારશ્રી ધ્વારા વધારાની (સહાય) ગ્રાંટની ફાળવણી કરેલ છે. સદર વધારાની ગ્રાંટની ફાળવણી કરેલ તે અન્વયે આ સાથે સામેલ યાદીમાં જણાવ્યા પ્રમાણેની નગરપાલિકા હદ વિસ્તારોમાં આવેલ ખાનગી સોસાયટીઓમાં વહેલા તે પહેલાના ધોરણે પેવર બ્લોક બેસાડવાનું મંજુર કરવામા આવેલ છે. અગાઉ નામદાર સરકારશ્રી ધ્વારા રૂા.૨.૫૦ કરોડ ની ગ્રાંટની ફાળવણી કરેલ તેમા બાકી રહેલ સોસાયટીઓને પણ આ વધારાની ગ્રાંટમાં સમાવેશ કરવાનું ઠરાવવામા આવે છે.

## <u>વલસાડ નગરપાલિકા – વલસાડ</u>

**વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જુદી જુદી સોસાયટી તેમજ એપાર્ટમેન્ટમાં જનભાગીદારીથી પેવર બ્લોક બેસાડવા અંગેની આવેલ અરજીઓની યાદી**

| અ. નં. | સોસાયટી તથા એપાર્ટમેન્ટનું નામ | સરનામુ |
|---|---|---|
| ૧ | ઈશાવાસ્યમ કોમ્પ્લેક્ષ | જુની પારેખ હોસ્પીટલ, મદનવાડ, વલસાડ. |
| ૨ | શાલીમાર એપાર્ટમેન્ટ–બી વીગ | શાપુરનગર સામે, વલસાડ. |
| ૩ | ચંદનવન એપાર્ટમેન્ટ–બી | પાવર હાઉસ સામે, વલસાડ |
| ૪ | નિલયમ એપાર્ટમેન્ટ | મણીનગર સોસાયટી, તીથલ રોડ વલસાડ |
| ૫ | સાંઈ મહેલ એપાર્ટમેન્ટ | અબ્રામા રોડ, મોગરાવાડી, વલસાડ |
| ૬ | નવસર્જન કો–ઓપરેટીવ હાઉસીગ સોસાયટી લી. | બેચર રોડ, પાવર હાઉસની સામે, વલસાડ |
| ૭ | સુઘડ ફળીયા એપાર્ટમેન્ટ વિસ્તાર | ઓનેસ્ટ ગેરેજની પાછળ, સુઘડ ફળીયા |

| | | |
|---|---|---|
| | | વલસાડ |
| ૮ | સિધ્ધી વિનાયક એપાર્ટમેન્ટ | નવરંગ ફળીયા, મોગરાવાડી, વલસાડ |
| ૯ | જયશીવ પાર્ક એપાર્ટમેન્ટ | રાજન નગર, અબ્રામા, વલસાડ |
| ૧૦ | સાંઈ એપાર્ટમેન્ટ | નાના પારસીવાડ, વલસાડ |
| ૧૧ | બીનાનગર સોસાયટી | કોલસી ફળીયા, અબ્રામા, વલસાડ |
| ૧૨ | દયાસાગર એપાર્ટમેન્ટ | દિક્ષીત મહોલ્લો, વલસાડ |
| ૧૩ | અંબીકા  રેસીડન્સી | રેલ્વે ગરનાળાની બાજુમા, મોગરાવાડી, વલસાડ |
| ૧૪ | પંચવટી સોસાયટી | બીના નગર, અબ્રામા, વલસાડ |
| ૧૫ | રણજીત પાર્ક | બંદર રોડ, વલસાડ |
| ૧૬ | અમન કોમ્પ્લેક્ષ તથા ઘેલાભાઈ પાર્ક | ધનભુરા રોડ, સરકારી હોસ્પીટલની પાછળ, વલસાડ |
| ૧૭ | મહારાજા એપાર્ટમેન્ટ | તીથલ રોડ વલસાડ |
| ૧૮ | રામેશ્વર કોમ્પ્લેક્ષ કો.ઓ.હાઉસીગ સોસાયટી લી. | હાલર ક્રોસ રોડ, પાણીની ટાંકી પાસે,વલસાડ |
| ૧૯ | પુજા એપાર્ટમેન્ટ | હેપ્પીનેસની ગલી, તીથલ રોડ, વલસાડ |
| ૨૦ | પારડીવાલા કોમ્પલેક્ષ | નાના પારસીવાડ, વલસાડ |
| ૨૧ | બાપુનગર સોસાયટી | તીથલ રોડ, વલસાડ |
| ૨૨ | ધવલ સાગર એપાર્ટમેન્ટ | પ્રણામી સ્ટ્રીટ, છીપવાડ, વલસાડ |
| ૨૩ | અમી એપાર્ટમેન્ટ | ભગીની સમાજ પાસે, હાલર રોડ વલસાડ |
| ૨૪ | અલંકાર કો.ઓનર્શીપ સોસાયટી | સ્વર્ગાશ્રમ મંદિરની સામે, તીથલ રોડ, વલસાડ |
| ૨૫ | અતુલ્ય | અવધુત સોસાયટીની નજીક, તીથલ રોડ વલસાડ |
| ૨૬ | અમરકૃતિ હાઉસીગ સોસાયટી | તીથલ રોડ વલસાડ |
| ૨૭ | સુપ્રભા એપાર્ટમેન્ટ | શેઠ આર.જે.જે. સ્કુલ પાછળ, તીથલ રોડ વલસાડ |
| ૨૮ | સાંઈબાબા કો.ઓ.હા. સોસાયટી | તીથલ રોડ વલસાડ |
| ૨૯ | મણીકુંજ સોસાયટી | રઘુવીર નગર, તીથલ રોડ, વલસાડ |
| ૩૦ | સમૃધ્ધિ કોમ્પ્લેક્ષ | લાલ સ્કુલ સામે, હાલર રોડ, વલસાડ |
| ૩૧ | માસ્ટર ફળીયુ | વલસાડ પારડી, વલસાડ |
| ૩૨ | ગીરીરાજ એપાર્ટમેન્ટ | જુની આર.ટી.ઓ. પાછળ, તીથલ રોડ, વલસાડ |
| ૩૨ | ખડકીભાગડા વિસ્તાર | રામજી મંદિર પાસે, દેસાઈવાડ વલસાડ |
| ૩૩ | રજવાડી કોમ્પલેક્ષ | પોલીસ હેડ કવાટર્સ રોડ, વલસાડ |
| ૩૪ | રૂતુ એપાર્ટમેન્ટ | સરસ્વતી સ્કુલ સામે, અબ્રામા વલસાડ |
| ૩૫ | નવસારીવાલા ચેમ્બર્સ | સ્ટેશન રોડ, વલસાડ |
| ૩૬ | તેજશ એપાર્ટમેન્ટ | મણીબાગ, અબ્રામા વલસાડ |
| ૩૭ | ક્રિષ્ના રો હાઉસ | અબ્રામા વલસાડ |
| ૩૮ | ક્રિષ્ના કોમ્પલેક્ષ | ધરમપુર રોડ, વલસાડ |
| ૩૯ | સહારા કો.ઓ.હાઉસીગ સોસાયટી | પોલીસ હેડ કવાટર્સ રોડ, વલસાડ |

| | | |
|---|---|---|
| ૪૦ | શીલ્પાલય એપાર્ટમેન્ટ | પ્રાગજી ટાવર પાછળ, વલસાડ |
| ૪૧ | કલ્પકૃતી (યશ કમલ) સર્વીસ સોસાયટી | એસ.ટી.વર્ક શોપ સામે, અબ્રામા વલસાડ |

**નોંધ :– નામદાર સરકારશ્રી ધ્વારા પાર્ટ–૧ માં ફાળવેલ રૂા.૨.૫૦ કરોડ ની ગ્રાંટ પૈકી જનભાગીદારીમાં બાકી રહેલ સોસાયટીને સરકારશ્રી ધ્વારા હાલે ફાળવવામા આવનાર વધારાની ગ્રાંટમાં જે તે સોસાયટીનો સમાવેશ કરવામા આવનાર છે.**

**સ.મ.મંજુર..**